પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૪૧ • કુલ પાના : ૪ • તારીખ : ૦૭-૧૦-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી ભારત જોડો યાત્રામાં જોડાયા, લાંબા સમય બાદ પાર્ટીના જાહેર કાર્યક્રમમાં ભાગ લીધો

## રાહુલે ખભા પર હાથ મૂકીને માતાને હાથ જોડીને આવકાર્યા

મૈસુર,

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીની ભારત જોડો યાત્રામાં એન્ટ્રી થઈ ચૂકી છે. ઉલ્લેખનીય છેકે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આ દિવસોમાં 'ભારત જોડો યાત્રા' પર છે. રાહુલ ગાંધીની આગેવાનીમાં ૭ સપ્ટેમ્બરે કન્યાકુમારીથી શરૂ થયેલી યાત્રા હવે કેરળ થઈને કર્ણાટક પહોંચી છે. કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી પણ ગુરુવારે ભારત જોડો યાત્રામાં જોડાયા છે. તેઓ કર્ણાટકના મૈસુર શહેરમાં પહોંચી ગયા હતાં અને રાહુલ ગાંધી સાથે થોડો સમય પગપાળા ચાલ્યા હતાં આ યાત્રા ૨૧ દિવસ સુધી કર્ણાટકમાંથી પસાર થશે. આ દરમિયાન તે રાજ્યમાં ૫૧૧ કિલોમીટરનું અંતર કાપશે. કર્ણાટકમાં, આ યાત્રા ચામરાજનગર, મૈસુર, માંડ્યા, તુમકુરુ, ચિત્રદુર્ગ, બેલ્લારી અને રાયચુર જિલ્લામાંથી પણ પસાર થશે.

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી પહેલીવાર ભાજપ શાસિત રાજ્યના માંડ્યા જિલ્લામાંથી ભારત જોડો યાત્રામાં જોડાઈ ચુક્યા છે. સોનિયા ગાંધી ઉપરાંત પાર્ટીના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગે, જેઓ કોંગ્રેસ અધ્યક્ષ પદના ટોચના દાવેદારોમાંના એક છે. તેઓ પણ આ પદયાત્રામાં જોડાઈ ચૂક્યા છે.



સોનિયા ગાંધીએ લાંબા સમય બાદ પાર્ટીના કોઈ જાહેર કાર્યક્રમમાં ભાગ લીધો છે કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી ૭ ઓક્ટોબરે પદયાત્રામાં જોડાય તેવી શક્યતા છે. ગયા મહિને કન્યાકુમારીથી યાત્રા શરૂ કરનાર રાહુલ ગાંધી સતત પગપાળા ચાલી રહ્યા છે. આ યાત્રા ૩૦ સપ્ટેમ્બરે કર્ણાટકના ગુંડલુપેટથી કેરળ થઈને રાજ્યમાં શરૂ થઈ છે.

કર્ણાટકમાં પ્રવેશ સાથે આ યાત્રા નિર્ણાયક તબક્કામાં પ્રવેશી છે. રાજ્યમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ પહેલીવાર છે જ્યારે આ યાત્રા ભાજપ શાસિત રાજ્યમાંથી પસાર થઈ રહી છે. અગાઉ આ યાત્રા તમિલનાડુ અને કેરળ થઈને ગઈ હતી, જ્યાં ભાજપની સરકાર નથી. નોંધપાત્ર રીતે, કન્યાકુમારીથી શ્રીનગર સુધીની આ ૩,૫૭૦ કિલોમીટર લાંબી કૂચ પાંચ મહિનાના ગાળામાં ૧૨ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેશે.

કોંગ્રેસના વચગાળાનાં અધ્યક્ષ સોનિયા ગાંધી આજે કર્ણાટકના મંડ્યામાં પાર્ટીની ભારત જોડો યાત્રામાં જોડાયાં હતાં. રાહુલે ખભા પર હાથ મૂકીને માતાને હાથ જોડીને આવકાર્યા. આ પછી યાત્રામાં હાજર મહિલા નેતાઓએ સોનિયા ગાંધીનો હાથ પકડી લીધો હતો. સોનિયાજી હજી એક મહિના પહેલાં જ કોરોનામાંથી સાજા થયાં છે. સોનિયાની તબિયત હજુ સંપૂર્ણ સ્વસ્થ નથી. લાંબા સમય બાદ સોનિયા ગાંધી પાર્ટીના જાહેર કાર્યક્રમમાં ભાગ લીધો છે સોનિયા ગાંધી જોવા માટે લોકો ઉમટી પડયા હતાં. સોનિયા ગાંધીએ યાત્રા દરમિયાન થોડો સમય આરામ કર્યો હતો અને ત્યારબાદ ફરી યાત્રામાં સામેલ થયા હતાં યાત્રા દરમિયાન રાહુલ ગાંધી પોતાની માતા સોનિયા ગાંધીના ચપ્પલની દોરી બાંધતા નજરે પડયા હતાં કોંગ્રેસના ટ્વિટર હેંડલથી તસવીર શેર કરવામાં આવી હતી અને તેનનું શીર્ષક હતું મા.કોંગ્રેસના સંગઠન મહામંત્રી કે સી વેણુગોપાલે કહ્યું કે આ એતિહાસિક ક્ષણ છે કે સોનિયા ગાંધી આ યાત્રામાં સામેલ તયા તેનાથી પાર્ટી કર્ણાટકમાં વધુ મજબુત થશે

સોનિયા ગાંધીનો કર્ણાટક સાથે ગાઢ સંબંધ છે. ગાંધી પરિવાર પર જ્યારે પણ રાજકીય સંકટ આવ્યું ત્યારે દક્ષિણ ભારતે જ તેમને મુશ્કેલીમાંથી ઉગાર્યા છે. ભારતના દિવંગત વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ પણ દક્ષિણ ભારતની બેઠકો પરથી લોકસભાની ચૂંટણી લડી છે. ઈમર્જન્સી પછી જ્યારે ઈન્દિરા ગાંધીની સરકાર પડી ગઈ હતી ત્યારે ૧૯૮૦માં તેમને એક સુરક્ષિત લોકસભા સીટની જરૂર હતી. આવી સ્થિતિમાં તેઓ કર્ણાટકના ચિકમંગલુરથી ચૂંટણી લડ્યાં હતાં. ઈન્દિરા ગાંધીએ આંધ્રપ્રદેશના મેંડક અને યુપીના રાયબરેલીથી ઉમેદવારી નોંધાવી હતી. જોકે બાદમાં તેમણે રાયબરેલીની સીટ છોડી દીધી હતી.

સોનિયા ગાંધી પણ કર્ણાટકની બેલ્લારી સીટ પરથી ચૂંટણી લડી ચૂક્યા છે. ૧૯૯૯ની લોકસભા ચૂંટણીમાં સોનિયા ગાંધી યુપીની અમેઠી બેઠક ગુમાવવાનો ડર હતો. આવી સ્થિતિમાં તેમણે બેલ્લારીથી નોમિનેશન ફાઈલ કર્યું અને તેમના નોમિનેશન વિશે માહિતી ગુપ્ત રાખવાના પ્રયાસ કરાયા હતા.જોકે ભાજપને આ વાતની જાણ થઈ અને તેમણે સુષમા સ્વરાજને સોનિયા સામે મેદાનમાં ઉતાર્યા. સુષમા સ્વરાજ આ સીટ પરથી ૫૬ હજાર વોટથી હાર્યા હતા. એટલું જ નહીં, જ્યારે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીને લાગ્યું કે તેઓ અમેઠીમાંથી ચૂંટણી હારી જશે તો તેઓ કેરળના વાયનાડથી ચૂંટણી લડ્યા હતા.

### ગુજરાતના દરેક જિલ્લામાં

# ભાજપ કેન્દ્રીય મંત્રી અથવા કોઈ મુખ્યમંત્રીને કામે લગાડવામાં આવ્યા છે. બાપ રે ! આટલો ડર ? : કેજરીવાલ

નવીદિલ્હી,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજ્યમાં રાજકીય ગરમાવો વધતો જાય છે. કારણકે, આ વખતે પરંપરાગત પક્ષો તરીકે જાણીતા ભાજપ-કોંગ્રેસ ઉપરાંત દિલ્લીથી ઉભરી આવેલી આમ આદમી પાર્ટી એટલેકે આપ પણ ચૂંટણીના મેદાનમાં ઉતરવાની છે. હાલમાં જ ભાજપે પોતાના કેન્દ્રીય મંત્રીઓને અને સિનિયર લીડર્સને ગુજરાતમાં પ્રચાર પ્રસાર માટે જવાની જવાબદારીઓ સોંપી છે. ત્યારે તેને લઈને કેજરીવાલ દ્વારા ટિપ્પણીઓ કરવામાં આવી રહી છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રિય સંયોજક અને દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વીટ કરીને ભાજપને એવો ટોણો માર્યો છે કે, 'બાપ રે! આટલો ડર લાગે છે?' ભાજપને આપનો નહીં હવે જનતાનો ડર છે.



ઉલ્લેખનીય છેકે, ભારતના ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માટે મતદાનની તારીખો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. એવું માનવામાં આવે છે કે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર સુધીમાં યોજાઈ શકે છે. ગુજરાતમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટી અને આમ આદમી પાર્ટી વચ્ચે રાજકીય સંઘર્ષ તેજ બન્યું છે. આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સતત ભાજપના નેતૃત્વવાળી ગુજરાત સરકાર પર પ્રહારો કરી રહ્યા છે. કેજરીવાલે ટ્વીટ કરીને ભાજપને ટોણો માર્યો છેકે, ભાજપ ડરી ગયું છે.

કેજરીવાલે ટ્વિટ કરીને ભાજપ પર પ્રહારો કર્યા છે. તેમણે ટ્વીટ કર્યું છે- 'એવા સમાચાર છે કે ગુજરાતના દરેક જિલ્લામાં ભાજપ કેન્દ્રીય મંત્રી અથવા કોઈ મુખ્યમંત્રીને કામે લગાડવામાં આવ્યા છે. બાપ રે! આટલો ડર?' આ ટ્વીટમાં તેણે આગળ લખ્યું- 'આ ડર આમ આદમી પાર્ટીનો નથી. આ ડર ગુજરાતના લોકોનો છે જેઓ ભાજપથી ખૂબ નારાજ હતા અને હવે ઝડપથી "આમ આદમી પાર્ટી"માં જોડાઈ રહ્યા છે. તાજેતરમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસાદિયાએ લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના દ્વારા અરવિંદ કેજરીવાલને લખેલા પત્ર પર પ્રતિક્રિયા આપતા ટ્વીટ કર્યું હતું કે, જો ભાજપે ગાંધીજી-શાસ્ત્રીજીના બતાવેલા માર્ગ પર શાળાઓ બનાવી હોત, ખેડુતો માટે કંઈક કર્યું હોત તો સારું થાત.

મનીષ સિસોદિયાએ કહ્યું કે ગુજરાતમાં અરવિંદ કેજરીવાલ માટે ભીડ એકઠી થયા બાદ આ પત્ર લખવામાં આવ્યો છે કે મુખ્યમંત્રીને પીએમ કેમ રિસીવ ન કર્યા? લેફ્ટનન્ટ ગવર્નરના પત્રના જવાબમાં દિલ્હી સરકારે જવાબ આપ્યો છે કે સીએમ કેજરીવાલે છેલ્લા ઘણા વર્ષોમાં ગાંધી જયંતિ અને લાલ બહાદુર જયંતિના કાર્યક્રમોમાં હંમેશા ભાગ લીધો છે.

આ વખતે મુખ્યમંત્રી ૨ ઓક્ટોબરે ગુજરાતમાં હતા અને તેથી તેઓ કાર્યક્રમમાં હાજર રહી શક્યા ન હતા. દિલ્હી સરકારે પોતાના નિવેદનમાં કહ્યું છે કે એલજીના પત્ર પાછળનું કારણ સમજવું જરૂરી છે. ઝસ્એ બે દિવસ પહેલા જ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં એક વિશાળ રેલીને સંબોધી હતી, જેના કારણે કેન્દ્રમાં બેઠેલા ભાજપના નેતાઓ ગુસ્સામાં છે. એલજીએ આ પત્ર કેન્દ્ર સરકારના નિર્દેશ પર લખ્યો છે.

# ધંધો-રોજગાર ન ચાલે તો મજૂરી કરીને પણ ભરણપોષણ ચૂકવવું જ પડે : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ભરણપોષણને લઈને મહત્વનો અને દૂરગામી નિર્ણય આપ્યો છે. કોર્ટે કહ્યું કે જો પતિ શારીરિક રીતે સક્ષમ છે તો તેણે પોતાની વિખૂટા પડી ગયેલી પત્ની અને સગીર બાળકોના ભરણપોષણ માટે મજૂર તરીકે કામ કરીને પૈસા પણ કમાવવા પડશે. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે સીઆરપીસીની કલમ ૧૨૫ હેઠળની જોગવાઈ સામાજિક ન્યાય માટે છે, જેને ખાસ કરીને મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં પતિ પોતાની જવાબદારીઓથીમાં ફેરવી શકતો નથી.

સુપ્રિમ કોર્ટે પતિની એ દલીલને ફગાવી દીધી હતી કે તે તેની પત્ની અને



સગીર બાળકો માટે ભરણપોષણ ચૂકવી શકતો નથી કારણ કે વ્યવસાય બંધ થવાને કારણે તેની પાસે આવકનો કોઈ સ્ત્રોત નથી. જસ્ટિસ દિનેશ મહેશ્વરી અને જસ્ટિસ બેલા એમ ત્રિવેદીની ખંડપીઠે કહ્યું કે પ્રતિવાદી (પતિ) શારીરિક રીતે સક્ષમ છે, તેથી તેણે વ્યાજબી રીતે પૈસા કમાઈને પત્ની અને બાળકોનું ભરણપોષણ કરવું પડશે. ખંડપીઠે જણાવ્યું હતું કે ફેમિલી કોર્ટ સમક્ષ પત્ની દ્વારા આપવામાં આવેલા પુરાવા અને રેકોર્ડ પર ઉપલબ્ધ પુરાવાને ધ્યાનમાં રાખીને, કોર્ટને સ્વીકારવામાં કોઈ ખચકાટ નથી કે પ્રતિવાદી પાસે આવકનો પૂરતો સ્ત્રોત છે. આ હોવા છતાં, તે ફરિયાદીને ભરણપોષણ ચૂકવવામાં નિષ્ફળ ગયો અને તેની અવગણના કરી.

સુપ્રીમ કોર્ટે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ફેમિલી કોર્ટના નિર્ણયને યથાવત રાખવાના નિર્ણયને પણ ફગાવી દીધો હતો. ઉલ્લેખનીય છે કે પીડિતાએ વર્ષ ૨૦૧૦માં જ તેના પતિનું ઘર છોડી દીધું હતું. તે તેના બાળકો સાથે અલગ રહેતી હતી. હવે સુપ્રીમ કોર્ટે પતિને પત્નીને ૧૦ હજાર રૂપિયા અને સગીર બાળકોને ૬ હજાર રૂપિયા ભરણપોષણ તરીકે આપવાનો આદેશ આપ્યો છે.

સુપ્રિમ કોર્ટે પત્નીની ભરણપોષણની માંગને ફગાવી દેવા બદલ ફેમિલી કોર્ટની પણ ઝાટકણી કાઢી હતી. સર્વોચ્ચ અદાલતની બેન્ચે કહ્યું કે ફેમિલી કોર્ટ વસ્તુઓ જોવા અને કારણો સમજવામાં નિષ્ફળ રહી છે. તે જ સમયે, કોર્ટે કહ્યું કે સીઆરપીસીની કલમ ૧૨૫નો ઉદ્દેશ્ય તે મહિલાઓને આર્થિક મદદ પૂરી પાડવાનો છે જેઓ તેમના સાસરિયાં છોડીને અલગ રહે છે, કોર્ટે કહ્યું કે પતિએ પણ મજૂરી કરીને પૈસા કમાવવા પડશે, જેથી જીવતી પત્ની અને બાળકોને આર્થિક મદદ કરી શકાય. જો પતિ શારીરિક રીતે સક્ષમ હોય તો તે આ ફરજ બજાવવાની ના પાડી શકે નહીં.

# અમદાવાદના અનેક વિસ્તારોમાં ઝાપટા, આગામી ચાર દિવસ રાજ્યમાં વરસાદની આગાહી

અમદાવાદ,

રાજ્યમાંથી ચોમાસાની વિદાય થઈ ગઈ છે તેમ છતાં પણ અનેક વિસ્તારમાં વરસાદી માહોલ છે તે જોવા મળી રહ્યો છે ત્યારે હવામાન વિભાગ દ્વારા પણ આગાહી કરવામાં આવી છે કે આગામી ચાર દિવસ સામાન્ય વરસાદ રહેશે અને થન્ડર સ્ટોમ એક્ટિવિટીના કારણે ૩૦ થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફુંકાશે. જોકે, હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે અમદાવાદના અનેક વિસ્તારોમાં વહેલી સવારે છૂટો છવાયો વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગ પ્રમાણે, આગામી ચોવીસ કલાકમાં આણંદ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ



દાદરા નગર હવેલીમાં સામાન્ય વરસાદ રહેવાની આગાહી છે. ૭ ઓક્ટોબરની આગાહી - થન્ડર સ્ટોમ એક્ટિવિટીના કારણે દાહોદ, નર્મદા, ડાંગ, તાપી, નવસારી, વલસાડમાં સામાન્યથી મધ્યમ વરસાદની સંભાવના રહેશે સાથે જ ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાનું પણ હવામાન વિભાગનું અનુમાન છે. ૮ ઓક્ટોબરની આગાહી- પંચમહાલ, દાહોદ, નર્મદા, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ દાદરા નગર હવેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં થન્ડર સ્ટ્રોમ એક્ટિવિટીના કારણે ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. તેમજ સામાન્યથી મધ્યમ વરસાદનું હવામાન વિભાગનું અનુમાન છે.

૯ ઓક્ટોબરની આગાહી- સામાન્યથી મધ્યમ વરસાદ રહેશે. પંચમહાલ, દાહોદ, નર્મદા, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ દાદરા નગર હવેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં વરસાદનું અનુમાન છે.

રાજ્યમાં ઉત્તર પશ્ચિમના ફૂંકાય રહ્યા છે. તાપમાન ઊંચું અને ભેજનું પ્રમાણ હોવાના કારણે થંડરસ્ટોમ એક્ટિવિટી થઈ રહી છે. જેના કારણે વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. આજે વહેલી સવારથી જ અમદાવાદ શહેરના વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. અમદાવાદ શહેરના બોપલ, પ્રહલાદ નગર, એસજી હાઈવે, આણંદ નગર સહિતના અનેક વિસ્તારોમાં સામાન્ય વરસાદ થયો છે.

ચોમાસું પાક તૈયાર થઈ ગયો છે. ત્યારે વાતાવરણ પલટો અને કમોસમી વરસાદના કારણે ડાંગરના પાક અને મગફળીના પાકને નુકસાન થવાની ભીતી સેવાય રહી છે. વાતાવરણ પલટાએ ખેડૂતોની ચિંતા વધારી છે. હજુ આગામી ૪ દિવસ તો રાજ્યના અમુક વિસ્તારમાં સામાન્ય વરસાદનું અનુમાન છે.

# દિવાળીએ રાજસ્થાનમાં અંધારૂ છવાઈ શકે છે, વીજળી ઉત્પાદન કરનારા ૨૩માંથી ૧૧ થર્મલ સ્ટેશન બંધ !

જયપુર,

રાજસ્થાનમાં વિજળી સંકટ વધુ ઘેરી બન્યું છે. ૨૩ થર્મલ સ્ટેશનોમાંથી ૧૧એ વીજળીનું ઉત્પાદન બંધ કરી દીધું છે. કહેવામાં આવી રહ્યું છે કે આ પ્લાન્ટ્સને કોલસાની યોગ્ય સપ્લાય નથી મળી રહી. એક અધિકારીએ જણાવ્યું કે થર્મલ પાવર સ્ટેશન માટે કોલસાના ૩૭ રેકની જરૂર છે, પરંતુ હાલમાં માત્ર ૨૦ રેક ઉપલબ્ધ છે. જેના કારણે રાજસ્થાનના અનેક જિલ્લાઓમાં વીજકાપનો સામનો કરવો પડી રહ્યો છે. ક્યારેક દિવસ દરમિયાન તો ક્યારેક રાત્રે વીજ પુરવઠો ખોરવાય છે. લોકોનું કહેવું છે કે જ્યારે આ સમસ્યા અંગે વીજ વિભાગને ફરિયાદ કરવામાં આવે છે ત્યારે તેઓ પણ તેની અવગણના કરે છે. કહેવામાં આવી રહ્યું છે કે છત્તીસગઢમાં હાલની ખાણમાં કોલસાની અછતને કારણે રાજસ્થાનમાં વીજ ઉત્પાદન પર અસર પડી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, દરરોજ ૩૦૦૦૦ મેટ્રિક ટનથી વધુ કોલસાના પુરવઠાની અછત છે. જેના કારણે હજારો મેગાવોટ વીજ ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે. વીજ કટોકટી નિવારવા માટે વિભાગ અને ઉર્જા વિકાસ નિગમ પ્રયાસો કરી રહ્યા છે. તેમ છતાં હજુ સુધી સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. છત્તીસગઢમાં સ્ટેટ ઈલેક્ટ્રિસિટી જનરેશન કોર્પોરેશનને ફાળવવામાં આવેલો કોલસો ખતમ થવાના આરે છે. તે જ સમયે, બાકીના કોલસાના ખાણને લઈને સ્થાનિક લોકો વિરોધ કરી રહ્યા છે. કેન્દ્ર સરકારે ઓડિશામાં મહાનદી કોલ ફિલ્ડમાંથી વિદ્યુત ઉત્પદન નિગમને કોલસો ફાળવ્યો છે. જોકે અધિકારીઓનું કહેવું છે કે આ કોલસાની ગુણવત્તા સારી નથી. છત્તીસગઢના ૪૦૦૦ ટન કોલસામાંથી ૨૨૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થાય છે. તે જ સમયે, મહાનદી કોલફિલ્ડના કોલસામાંથી ૨૦૦ મેગાવોટથી ઓછી વીજળીનું ઉત્પાદન થાય છે. ત્યારે વીજ કટોકટીને લઈને રાજ્ય અને કેન્દ્ર સરકારે સાથે મળીને આ સમસ્યાના નિરાકરણ માટે પ્રયાસો કરવા જોઈએ તેવું ખેડૂત આગેવાનોનું માનવું છે. જ્યારે રાજ્યમાં ઓછો વરસાદ પડે છે ત્યારે ખેડૂતો તેમના ખેતરોમાં ટ્યુબવેલ દ્વારા જ સિંચાઈ કરે છે. આવી સ્થિતિમાં જો ખેડૂતોને પૂરતો વીજ પુરવઠો નહીં મળે તો તેની અસર ખેતી પર પણ પડશે.

# દેશ ગુજરાતનું નમક ખાય છે : રાષ્ટ્રપતિના નિવેદન પર કોંગ્રેસ નેતાનું વિવાદિત ટ્વિટ

નવીદિલ્હી,

ભાજપે ઉદિત રાજની ટિપ્પણીને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી અને તેમને અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું. બીજેપી પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું કે આ પહેલીવાર નથી જ્યારે ઉદિત રાજે આવા શબ્દોનો ઉપયોગ કર્યો હોય. આ તેમની આદિવાસી વિરોધી માનસિકતા દર્શાવે છે. હકીકતમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તાજેતરમાં ગુજરાતની બે દિવસીય મુલાકાતે ગયા હતા. આ દરમિયાન તેઓ સાબરમતી આશ્રમ પહોંચ્યા અને મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી. આ પછી અહીં એક કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું હતું કે દેશનું ૭૬ ટકા મીઠું ગુજરાતમાં બને છે. એમ કહી શકાય કે ગુજરાતનું મીઠું બધા દેશવાસીઓ ખાય છે.

કોંગ્રેસના નેતા ઉદિત રાજે ટ્વીટ કર્યું કે કોઈ પણ દેશને દ્રૌપદી મુર્મુજી જેવા રાષ્ટ્રપતિ ન મળવા જોઈએ. ચમચાગીરીની પણ મર્યાદા હોય છે. એવું કહેવાય છે કે ૭૦% લોકો ગુજરાતનું મીઠું ખાય છે. જાતે મીઠું ખાઈને જીવન જીવો તો ખબર પડશે. આ પછી ઉદિત રાજે વધુ એક ટ્વિટ કર્યું. તેમણે કહ્યું કે મારું નિવેદન દ્રૌપદી મુર્મુજીનું અંગત છે, કોંગ્રેસ પાર્ટીનું નહીં. દ્રૌપદી મુર્મુને ઉમેદવાર બનાવ્યા અને આદિવાસીઓના નામે વોટ માંગ્યા. રાષ્ટ્રપતિ બન્યા પછી તે આદિવાસી ન રહી? દેશના રાષ્ટ્રપતિ છે તો





આદિવાસીઓના પ્રતિનિધિ પણ. રડવું આવે છે જ્યારે લોકો એસસી/એસટીના નામે પદ પર જાય છે અને પછી તેઓ ત્યાં જઈને ચૂપ થઈ જાય છે.

સંબિત પાત્રાએ કહ્યું કે કોંગ્રેસના નેતા ઉદિત રાજે રાષ્ટ્રપતિ મુર્મુ માટે જે શબ્દોનો ઉપયોગ કર્યો તે ચિંતાજનક, દુર્ભાગ્યપૂર્ણ છે. આ પહેલીવાર નથી જ્યારે તેણે આવા શબ્દોનો ઉપયોગ કર્યો હોય. અગાઉ કોંગ્રેસના અધીર રંજન ચૌધરીએ પણ આવું જ કર્યું હતું. આ તેમની આદિવાસી વિરોધી માનસિકતા દર્શાવે છે.

યુપી સરકારમાં મંત્રી જિતિન પ્રસાદે કહ્યું કે ઉદિત રાજ જેવા નેતાઓએ ક્ષુલ્લક રાજકારણથી ઉપર ઊઠીને ભારતના રાષ્ટ્રપતિ પદ માટે થોડું સન્માન દર્શાવવાની જરૂર છે. તેમણે દ્રૌપદી મુર્મુજીને મતભેદો સામે લડવા અને દેશના સર્વોચ્ચ પદ સુધી પહોંચવા અને વર્ષોના સંઘર્ષ માટે ઓળખવાની અને પ્રશંસા કરવાની જરૂર છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
કિંજલકુમાર શાહ
તરફથી અભીનંદન....
મુ. દેલોલ,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
જે. આર. શાહ
તરફથી અભીનંદન....
મુ. બેઢીયા,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એમ. કે. પરમાર
તરફથી અભીનંદન....
મુ. રીછીયા,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એસ. સી. પરમાર
તરફથી અભીનંદન....
મુ. નાંદરખા,
તા. કાલોલ,
જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# વન્યપ્રાણી સપ્તાહ નિમિત્તે કાનેલા પ્રાથમિક શાળા ખાતે વન્યપ્રાણી તથા સરીસૃપ પ્રાણી વિષે જાગૃતિ કાર્યક્રમ તથા રેલીનું આયોજન કરાયું



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર,
વન્યપ્રાણી સપ્તાહ નિમિત્તે આજ રોજ મહીસાગર વન વિભાગ અંતર્ગત લુણાવાડા રેંજના કોઠંબા રાઉન્ડના સ્ટાફ દ્વારા મોજે– કાનેલા પ્રાથમિક શાળા ખાતે વન્યપ્રાણી સપ્તાહ ઉજવણી નિમિત્તે વન્યપ્રાણી તથા સરીસૃપ પ્રાણી વિષે જાગૃતિ કાર્યક્રમ તથા રેલીનું આયોજન કરવામાં આવ્યું.

કાનેલા, પ્રાથમિક શાળાના પ્રાંગણમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં શાળાના સ્ટાફ તેમજ બાળકો તથા ગામના સ્થાનીક આગેવાનો મળી કુલ ૭૦ જેટલા લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે રાઉન્ડ ફોરેસ્ટર,કોઠંબા તથા સ્ટાફ દ્વારા કાર્યક્રમની શરૂઆતમાં વન્યપ્રાણી તથા સરીસૃપ જીવો અંગે જાગૃતિ અંગેની સમજ આપવામાં આવી તેમજ ગામમાં રેલી કાઢવામાં આવી.બાદમાં રાઉન્ડ ફોરેસ્ટર,કોઠંબા તેમજ અન્ય સ્ટાફ દ્વારા ઉપસ્થિત શાળાના સ્ટાફ તથા બાળકો તેમજ સ્થાનીક ગામ લોકોને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની મહત્વની જોગવાઈઓ તેમજ માનવ–વન્યપ્રાણી ઘર્ષણ અટકાવવા અંગેની સમજ આપવામાં આવેલ હતી. અત્રેના વિસ્તારમાં વધુ જોવા મળતા સરીસૃપ તથા મગર જેવા વન્યપ્રાણીના રેસ્ક્યુ બાબતે લોકોને અગત્યની માહીતી પૂરી પાડવામાં આવી.

જાહેર જનતા માટે ઉપલબ્ધ કરવામાં આવેલ વન્યજીવના બચાવ, રાહત અને ફરીયાદ નિવારણ માટેની વન વિભાગની હેલ્પલાઈન ૮૩૨૦૦૦૨૦૦૦ વિષે માહિતગાર કરવામાં આવ્યા. આમ લુણાવાડા રેંજના કોઠંબા રાઉન્ડ સ્ટાફ દ્વારા યોજવામાં આવેલા કાર્યક્રમમાં કાનેલા પ્રથમિક શાળાના સ્ટાફ,બાળકો તથા ગામના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વન્ય પ્રાણી તથા સરીસૃપ સંરક્ષણ અંગેની તેમજ અન્ય બાબતોની જાણકારી મેળવેલ છે.

# મહિસાગર જીલ્લા રાજપુત યુવા સંગઠન દ્વારા લુણાવાડા ખાતે વીર યોધ્ધા અને હિન્દુ હૃદય સમ્રાટ મહારાણા પ્રતાપની ભવ્ય પ્રતિમાનું અનાવરણ કરાયું



લુણાવાડા,
મહીસાગર જિલ્લા રાજપૂત યુવા સંગઠન દ્વારા વીર યોધ્ધા અને હિન્દુ હૃદય સમ્રાટ મહારાણા પ્રતાપની ભવ્ય પ્રતિમાનું મહીસાગર જિલ્લા મથક લુણાવાડા કોટેજ ચાર રસ્તા ખાતે મહારાજા સિધ્ધરાજસિંહજીના અધ્યક્ષસ્થાને રાજપૂત સમાજના અગ્રણી મહાનુભાવો અને મોટી જનમેદનીના જયકારા સાથે અનાવરણ કરાયું.

આ અવસરે રાજમહેલથી શોભાયાત્રા, સજ્જનકુંવરબા હાઈસ્કુલ ખાતે શસ્ત્ર પૂજન મહારાણા પ્રતાપની ભવ્ય પ્રતિમાનું અનાવરણના ત્રિવિધ કાર્યક્રમમાં મરીડા ધામના સિધ્ધુમાડી,પંચમહાલ જિલ્લા પંચાયત પ્રમુખ કામીનીબા, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક,પૂર્વ ધારાસભ્ય સુરપાલસિંહજી, મહંત અરવિંદગીરી, મહિસાગર જીલ્લા રાજપુત યુવા સંગઠન ના પ્રમુખ જયદેવસિંહ સોલંકી, રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ ના પ્રમુખ યોગેન્દ્રસિંહ,મુખ્ય દાતા પ્રેમબા હાડા,પંચમહાલ મહિલા સંગઠન પ્રમુખ સુનિતાબા,મહીસાગર મહિલા સંગઠન પ્રમુખ નિરૂબા, જિલ્લા ભાજપ મહામંત્રી પ્રદીપસિંહ,હોમગાર્ડ કમાન્ડર ભુમિરાજસિંહ, અજયસિંહ ચૌહાણ,નગરપાલિકા પૂર્વ પ્રમુખ જયેન્દ્રસિંહ સહિત સમાજના અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિજયા દશમીના પાવન અવસરે જિલ્લા મહિસાગર જીલ્લા રાજપુત યુવા સંગઠન દ્વારા આયોજીત ભવ્ય શોભાયાત્રા રાજમહેલથી યોજાઇ હતી. જે સજ્જનકુંવરબા હાઇસ્કૂલ ખાતે પહોંચી હતી, જ્યાં શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો. જેમાં મોટી સંખ્યામાં રાજપૂત સમાજના લોકોએ જોડાયા હતા. આ કાર્યક્રમમાં મહીસાગર જીલ્લા રાજપૂત યુવા સંગઠન દ્વારા કોરોના કાળમાં કરેલ સેવાકાર્યની સરાહના કરવામાં આવી હતી. રાણા પ્રતાપની ભવ્ય પ્રતિમાની સ્થાપના માટે દાતાઓના દાનને બિરદાવી સન્માનિત કરાયા હતા.

રોશનીના ઝળહળાટ અને આતશબાજી સાથે ખુલ્લી મુકાયેલ પ્રતિમા સૌ કોઈ માટે પ્રેરણા સ્ત્રોત્ર બનશે તેવી પ્રાર્થના સાથે મહાઆરતી કરવામાં આવી હતી. આ અવસરે ચોકનું મહારાણા પ્રતાપ ચોક નામાભિધાન કરવામાં આવ્યું.

કાર્યક્રમના પ્રારંભે મહિસાગર જિલ્લા રાજપૂત યુવા સંગઠન પ્રમુખ જયદેવસિંહે સૌને આવકાર્યા હતા. યુવા સંગઠનના હોદ્દેદારો દ્વારા મહારાણા પ્રતાપના ફોટો અને પુષ્પગુચ્છ સાથે મહાનુભાવો અને મુખ્ય દાતાઓનું ઉષ્માભેર સ્વાગત કરાયું હતું. કાર્યક્રમના અંતે કુલદીપસિંહ ગોહિલ આભાર દર્શન કર્યુ હતું.

# સંતરામપુર નગરપાલિકાના ચીફ ઓફિસર સ્થાનિક રહીશને સૂચના આપવાના બદલે અભરીય વર્તન કર્યું અને પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપી

સંતરામપુર,
સંતરામપુર કોલેજ વિસ્તારમાં ડોક્ટર બુરહાન ગટલી આશરે ૨:૦૦ વાગ્યાના કલાકે નગરપાલિકાનું પાણી આવી રહ્યું હતું. તે દરમિયાનમાં પાણી ભરતા ઘરમાંથી પાણીની પાઈપ બહાર નીકળી જવાથી રોડ ઉપર પાણી ઢોળાયેલું હતું. નગર પાલિકાના રોડ ઉપર ઢોળાયેલું પાણી સુચના આપવાના બદલે તેમના ઘરના પરિવારો મહિલાઓને એક અધિકારી તરીકે અભરીય વર્તન કરીને આપ શબ્દો બોલ્યા હતા. સંતરામપુર કોલેજ રોડ વિસ્તારમાં નગરપાલિકા દ્વારા પાણીને નિકાલ માટે આજ દિન સુધી ગટર લાઈન બનાવવામાં આવેલી જ નથી, વર્ષોથી આ સમસ્યા ઊભી થયેલી છે. તેમ છતાં આ વિસ્તારના રહીશો સહનશક્તિ કરીને હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે ચીફ ઓફિસરને સ્થાનિક રહીશને સૂચના આપવાના બદલે ખોટી રીતે વર્તન કરીને મહિલાઓ સાથે વર્તન ખરાબ કરવામાં આવેલું હતું અને સત્તાનો ઉપયોગ કરીને નળ કનેકશન કાપી નાખેલું હતું. આ રીતે સ્થાનિક રહીશના ડોકટરના ઘરના પરિવારોની વર્તન ખરાબ કરેલો હતો. આ અંગે ડોક્ટરે ઉચ્ચકક્ષાએ અને લેખિતમાં રજૂઆત પણ કરી હતી. ઘરમાં રહેતી મહિલા સાથે વિભસ્થ વર્તન કરેલું હતું. સંતરામપુર નગરમાં ઘણા સમયથી ઘણા પ્રશ્નોને પણ ચીફ ઓફિસર સામે ઘણી ફરિયાદો ઉભી થયેલી છે. થોડા દિવસ અગાઉ પણ નગર પાલિકાના કેટલાક સભ્યો નાગરિકો પણ ચીફ ઓફિસર સામે નારાજગી વ્યક્ત કરી હતી. મળતી માહિતી મુજબ સરકારના નીતિ નિયમ મુજબ નગરપાલિકામાં ફરજ બજાતા ચીફ ઓફિસર ત્રણ વર્ષ ઉપરાંત સમય થઈ જાય બદલીમાં ફેરફાર થતો હોય છે અને કાયમી ધોરણે બે માસ અગાઉ લુણાવાડા ખાતે મહીસાગર જિલ્લામાં બદલીનો ઓર્ડર થયા પછી પણ રાજકીય ઉપયોગ કરીને બદલી પણ રોકાવેલી હતી. આ રીતે સંતરામપુર નગરમાં ઘણા સમયથી વારંવાર વહીવટી બાબતે પણ ચીફ ઓફિસર સામે આક્ષેપો કરવામાં આવેલા હતા.

# મલેકપુર વિસ્તારમાં વિજયા દશમીના પર્વની ઉજવણી કરાઈ


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
મલેકપુર વિસ્તારમાં નવ દિવસના માતાજીના ગુણલા ગાઈ આજે દસમના દિવસે મલેકપુર વિસ્તારના લોકોએ વિજયા દશમીના પર્વની ઉજવણી માટે આખા દિવસની તાડા માર તૈયારીઓ કરી હતી.

નવરાત્રિ પૂરી થાય એટલે વિજયાદશમીની તૈયારીઓ શરૂ થઇ જાય છે. દશેરાના દિવસે ગ્રામ્ય વિસ્તારમાં રાવણને દહન કરવા માટે વિવિધ જગ્યાએ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

તેના ભાગરૂપે આજે વિજયા દશમીના દિવસે નવરાત્રી મલેકપુર યુવક મંડળ દ્વારા રાવણ દહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં મલેકપુર તેમજ આજુબાજુના ગામોને પ્રજા રાહ રાવણ દહન જોવા માટે ઉમટી પડી હતી. મલેકપુર યુવક મંડળ દ્વારા મલેકપુર ગામમાં શોભાયાત્રા કાઢી મલેકપુર મહાત્મા ગાંધી વિનય મંદિર હાઈસ્કૂલના પતાગણ માં રાવણનું દહન કરવામાં આવ્યું હતું. લોકો એકબીજાનો મોં મીઠું કરાવી વિજયાદશમીની ધૂમધામથી ઉજવણી કરી હતી.

# સંતરામપુરના જીતવા ગામે જવારાના વિર્સજન કરવા ગયેલ યુવાનનું ડુબી જતાં મોત


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના જીતવા ગામે નવરાત્રીના જવારાનો વિસર્જન કરવા જતા યુવાનનું ડૂબી જવાથી મોત થવા પામ્યું હતું. સંતરામપુર તાલુકાના ચીતવા નવરાત્રી કરવામાં આવેલી હતી. નવરાત્રી પૂર્ણ થતા જવારાનો ધામધૂમથી ગ્રામજનો ભેગા થઈને તળાવમાં વિસર્જન કરવા ગયા હતા. કડાણા જળાશય તળાવ ડેમમાં ગ્રામજનો ભેગા થઈને વિસર્જન કાર્ય કરવા ગયા હતા. ગામના લોકો જોતા રહ્યા અને પાંચ છોકરાઓ વિસર્જન કરવા માટે ડેમમાં ઉત્તરા હતા. જેમાંથી ડામોર રાજુભાઈ માનસિંગભાઈ ડૂબી જવાથી મોત નિપેલું હતું.


ખાનપુર તાલુકાના છાપરી ગામથી બારીયા ફળિયા સુધી નવિન કાચા માંથી પાકા ડામર રસ્તાનું ખાતમુર્હૂત ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે ખાનપુર તાલુકાના ભાજપા મહામંત્રી વિનોદભાઈ પટેલ, ખાનપુર એ.પી.એમ.સી. ચેરમેન ભુલાભાઈ પટેલ, જગદીશભાઈ ત્રિવેદી, સરપંચઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.

# દાહોદમાં મંદિર શિલાન્યાસના રામજી મંદિર ટ્રસ્ટ દ્વારા વિવિધ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લાના મુખ્ય મથક એવા દાહોદ શહેરમાં મંદિરના શિલાન્યાસના ઉપલક્ષમા રામજી મહારાજ મંદિર ટ્રસ્ટ દ્વારા પાવન એવી દૂધીમતી નદીના તીરે આવેલ રામાનંદ પાર્ક ખાતે લક્ષ્મીનારાયણ મહાયજ્ઞ તેમજ અખંડ પાઠ રામચરિત માનસ તથા સંત સંમેલન જેવા ભવ્ય કાર્યક્રમોનું આયોજન તારીખ પ ઓકટોબર દશેરાના દિવસથી ૯ ઓક્ટોબર શરદપૂર્ણિમા સુધી કરવામાં આવ્યું છે. દાહોદના ઈતિહાસમાં સૌ પ્રથમ વાર યોજનારા આ પાંચ દિવસીય ભવ્ય કાર્યક્રમમાં અયોધ્યા, કાશી, ચિત્રકૂટ, હરિદ્વાર, વૃંદાવન, રામેશ્વર, દ્વારિકા તેમજ જગન્નાથપુરી જેવા ભારત વર્ષના જુદા જુદા તીર્થ સ્થળોએથી રામાનંદાચાર્ય પીઠાપીઠાસીન તમામ આચાર્ય, ત્યાગી, સંત, મહાત્મા ઉપસ્થિત રહી દેશમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સદબુદ્ધિ, આરોગ્ય, તેમજ ભાઈચારા માટે યજ્ઞના માધ્યમથી ઈશ્વરને પ્રાર્થનિ અનુષ્ઠાન કરશે. આ ભવ્ય કાર્યક્રમનો શુભારંભ આસો સુદ દશમ તારીખ ૫–૧૦–ને બુધવારથી થયો છે જેમાં દેવતા પૂજન, દવિધિ, કળશ યાત્રા તેમજ શોભા યાત્રા યોજાશે. દશેરાના રોજ બપોરે ૨:૦૦ વાગે ભવ્ય શોભા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા દાહોદની અતિ પાવન એવી પૂર્વાભીમુખ દુધીમતી નદીના તીરે આવેલ રામાનંદ પાર્ક ખાતેથી નીકળી અનાજ માર્કેટના ગેટ નંબર એક પર થઈ દશેરાના દિવસે રામાનંદ પાર્ક ખાતેથી ભવ્ય શોભાયાત્રા યોજાઇ હતી ૧૫૦ સંતો મહાત્મા જોડાયા હતા બેન્ટ વાજા નગારા સાથે બગી મા સંતો લક્ષ્મીનારાયણ મહાયજ્ઞ સહિત સંત સંમેલનનું આયોજન બહારપુરા, પડાવ સરદાર ચોક, નેતાજી બજાર થઈ નગરપાલિકા ચોકમાં આવી હતી ત્યાંથી આગળ વધી શોભાયાત્રા માણેકચંદ ચોકમાં થઈ. અને ત્યાંથી સીધી આંબેડકર ચોક થઈ ગોવિંદ નગર આશીર્વાદ ચોકમાં આવી હતી. અને ત્યાંથી શોભાયાત્રા આગળ વધી અનાજ માર્કેટ ગેટ નંબર બે પર થઈ ગૌશાળા, દોલતગંજ બજાર, નેતાજી બજાર, હનુમાન બજાર, જૈન મંદિર થઈ દાહોદ નગરમાં મંદિરના શિલાન્યાસ કાર્યક્રમની પાંચ દિવસ ભવ્ય ઉજવણી કરાશે સીધી રામાનંદ પાર્ક ખાતે પરત આવી હતી. જ્યાં શોભાયાત્રાનું શાસ્ત્રોક્ત વિધિ વિધાન અનુસાર સમાપન થયુ હતું. આ શોભાયાત્રામાં ૧૫૦ થી પણ વધુ સંત મહાત્માઓ દાહોદની ભૂમિને પાવન કરવા ઉપસ્થિત રહેશે. તેમજ હજારોની સંખ્યામાં નગરજનો જોડાશે. આ ભવ્ય શોભાયાત્રાના સ્ટેપર વિવિધ સ્થળે વિવિધ હિન્દુ સમાજ દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવયું હતું. આઠમી ઓક્ટોબર શનિવારના રોજ સંત સંમેલન યોજાશે જેમાં ત્રણથી ચાર હજાર સંતો ઉપસ્થિત રહેશે. યજ્ઞની પૂર્ણાહુતિ શરદપૂર્ણિમાના દિવસે બપોરે થશે. દશેરાથી શરદપૂર્ણિમા સુધી રોજ રામાનંદ પાર્કમાં રાત્રિના સમયે ભજન સંધ્યા સાંસ્કૃતિક કાર્યક્રમ સુંદરકાંડ રાસ ગરબા જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે આ પાવન પ્રસંગે વિશિષ્ટ અતિથિ તરીકે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી ઉપસ્થિત રહેશે જયારે ૨ મુખ્ય અતિથિ તરીકે રાજયના ગૃહ મંત્રી હર્ષ સંઘવી રાજયના માજી ઉપમુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તેમજ દાહોદના સાંસદ, ધારાસભ્યો, જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસ વડા, જિલ્લા વિકાસ અધિકારી, નગરપાલિકા પ્રમુખ તેમજ રાજકીય પક્ષોના પદાધિકારીઓ વગેરે પણ હાજર રહેશે આ પાંચ દિવસીય ભવ્ય કાર્યક્રમમાં પાંચ દિવસ સાંજના સમયે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં રોજ હજારો લોકો મહાપ્રસાદનો લાભ લેશે.

# ફતેપુરા તાલુકાના હિંગલામાં સગા ભાઈએ મકાઈ ડોડામાં આગ ચાંપી સળગાવી દેતા સુખસર પોલીસમાં જાણ કરાઈ

ફતેપુરા,
ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં અવાર–નવાર ચિત્ર વિચિત્ર ઘટનાઓ બને છે.જેમાં કેટલાક લોકોને પોતાના ઘર–પરિવારની સફળતા કણાની જેમ ખૂંચતા કોઈક પ્રકારે નુકસાન પહોંચાડવા કાયદાની ઐસી તૈસી કરી ગમે તેવું પગલું ભરતા પણ અચકાતા નથી અને તેવોજ બનાવ આજરોજ હિંગલા ગામે મોટાભાઈના ખેતરમાં રાખવામાં આવેલ મકાઈ ડોડાના ઓગામા સગા નાના ભાઈએ આગ ચાપી બાળી દઈ નુકસાન પહોંચાડ્યું હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના હિંગલા ગામે રહેતા ધુળાભાઈ વરસીંગભાઇ ભગોરા ખેતીવાડી તથા છૂટક કામ ધંધો કરી ઘરનું ગુજરાત ચલાવે છે. જેઓએ ગત ચોમાસા દરમિયાન મકાઈની ખેતીવાડી કરી હતી અને હાલ કાપણી ચાલુ હોય મકાઈ ડોડાની કાપણી કરી પોતાના ખેતરમાં મકાઈ ડોડાનો ઓગો વાળ્યો હતો. જ્યારે આજરોજ ત્રણેક વાગ્યાના અરસામાં તેનો નાનો ભાઈ શંકરભાઈ વરસીંગભાઈ ભગોરા દારૂ પીધેલી હાલતમાં ઘરે આવ્યો હતો અને ધુળાભાઈ ભગોરા સાથે તકરાર કરી બિભીત્સ ગાળો આપી જણાવતો હતો કે, તમોએ મારા ખેતરમાં મકાઈ ડોડાનો ઓગો કેમ વાળ્યો છે? તેમ જણાવી તકરાર કરવાની કોશિશ કરી તકરાર કરતાં ધુળાભાઈની પત્નીએ જણાવેલ કે,અમોએ અમારા ખેતરમાં મકાઈ ડોડાનો ઓગો વાળેલ છે અને ત્યાં પણ તમોને નડતો હોય તો અમો ત્યાંથી હટાવી લઈશું પરંતુ તકરાર કરશો નહીં. તેમ જણાવતા શંકર ભગોરાએ આવેશમાં આવી જઈ મકાઈ ડોડાના ઓગામાં દીવાસળી ચાપી સળગાવી દેતા ધુળાભાઈ ભગોરાને મકાઈ તથા કડબના કુલ મળી ૨૫૦૦૦/– જેટલું નુકસાન પહોંચ્યું હોવા બાબતે સુખસર પોલીસમાં જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# સીંગવડ ગામે ખેતરમાં મકાન બનાવવા મામલે થયેલ પાંચ ઈસમોએ મારમારી મહિલાની છેડતી કરતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લાના સીંગવડ મુકામે ખેતરમાં મકાન બનાવવા મામલે પાંચ જેટલા ઈસમોએ એક દંપતિને માર મારી મહિલાની છેડતી કરી તેમજ મહિલાના પતિને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૭મી સપ્ટેમ્બરના રોજ સીંગવડ તાલુકામાં રહેતી એક મહિલા અને તેમના પતિ પોતાના ખેતરમાં ઘાસ વાઢતાં હતા. તે સમયે સીંગવડ તાલુકાના પામીવેલા ગામે કાળીયા ફળિયામાં રહેતાં સુરેશભાઈ સરદારભાઈ ચૌહાણ, મહેશભાઈ સરદારભાઈ ચૌહાણ, સરદારભાઈ છગનભાઈ ચૌહાણ, પ્રભાતભાઈ સબુરભાઈ ચૌહાણ અને નિરૂબેન પ્રભાતભાઈ ચૌહાણનાઓ દંપતિ પાસે આવ્યાં હતાં અને દંપતિને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અમારા ખેતરમાં તારૂં મકાન કેમ બનાવેલ છે, તારૂં મકાન અહીંથી કાઢી લઈ જાવ, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને દંપતિ પૈકી મહિલાને છેડતી કરી તેમજ મહિલાના પતિને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે છેડતીનો ભોગ બનેલ મહિલાએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના પડાતીયા ગામે પ્રાથમિક શાળા માંથી ૨૨ હજારની મત્તાની ચોરી

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના પડાતીયા ગામે આવેલ પ્રાથમીક શાળામાં તસ્કરોએ હાથફેરો કરી પ્રિન્ટર, સી.પી.યુ., પાવર બેટરી, સ્પીકર વિગેરે મળી કુલ રૂા.૨૨,૧૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાંક મહિનાઓથી પ્રાથમીક શાળામાં ચોરીઓની ઘટનાઓ વધી રહી છે. પ્રાથમીક શાળામાં ચોરીની ઘટનાને પગલે શાળા સંચાલકોમાં ભારે રોષ પણ ફેલાયો છે. પોલીસ તંત્ર દ્વારા પણ શાળામાં ચોરી કરતી ગેંગને ઝડપી પાડવામાં સફળતા મેળવી નથી. ત્યારે શાળામાં ચોરીની ઘટનાઓ વધતાં પોલીસ તંત્ર દ્વારા સઘન કામગીરી કરવામાં આવે લાગણી અને માંગણી પણ ઉઠવા પામી છે. ત્યારે તસ્કરોએ વધુ એક શાળાને નિશાન બનાવતાં ભારે ચકચાર વ્યાપી જવા પામી છે. ઝાલોદ તાલુકાના પડાતીયા ગામે આવેલ નીચલા ફળિયા વર્ગ પ્રાથમીક શાળામાં તસ્કરોએ શાળાને નિશાન બનાવી હતી. શાળામાં પ્રવેશ કરી શાળામાંથી પ્રિન્ટર, સી.પી.યુ. પાવર બેટરી, સ્પીકર તેમજ શાળામાં મુકી રાખેલ સરસામાન મળી કુલ રૂા. ૨૨,૧૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં આ સંબંધે શાળામાં ફરજ બજાવતાં અને અરવલ્લી જિલ્લામાં રહેતાં ગીરીશભાઈ ધનજીભાઈ ખાંટે ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સીંગવડ ખાતે ચાલતી બિઝનેસ મીટીંગમાં બે ઈસમોએ મહિલાને ગાળો આપી જાતિઅપમાનિત કરતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લાના સીંગવડ નગરમાં ચાલતી બિઝનેસ મીટીંગમાં એક મહિલાને મીટીંગમાં હાજર બે ઈસમોએ મહિલાને બેફામ ગાળો બોલી તેમજ છેડતી કરતાં અને મહિલાને જાતિય અપમાનીત કરતાં આ સંબંધે મહિલાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૨૫મી સપ્ટેમ્બરના રોજ સીંગવડ મુકામે સીંગવડ તાલુકામાં રહેતી એક મહિલાની આગેવાનીમાં બિઝનેશ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આ બિઝનેસ મીટીંગમાં દીલીપભાઈ ભગવાનજીભાઈ સીનોજીયા કડવા પટેલ તથા પ્રકાશભાઈ ભગવાનભાઈ સીનોજીયા કડવા પટેલ (બંન્ને રહે. અમદાવાદા) પણ હાજર રહ્યાં હતા. ત્યારે ચાલુ બિઝનેસ મીટીંગમાં અંદરો અંદર ઝઘડો તકરાર થતાં ઉપરોક્ત બંન્ને ઈસમો એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને મહિલા સાથે ઝઘડો તકરાર કરી બેફામ ગાળો બોલી, મહિલાને જાતિય અપમાનીત કરી, છેડતી કરતાં આ સંબંધે છેડતીનો ભોગ બનેલ મહિલાએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ : પુત્ર કે પુત્રીને લગતા કોઈપણ વિવાદનું સમાધાન પણ કરવામાં આવશે. સુખી વ્યક્તિત્વ હોવાને કારણે અન્ય લોકો તમારી સાથે સંબંધ રાખવાનો પ્રયાસ કરશે. સામાજિક સન્માન મેળવીને તમને મનોબળમાં વેગ મળશે.

વૃષભ : તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે અને હિંમતભેર તમારા મુશ્કેલ કાર્યો પૂરા કરવામાં સમર્થ થશો. પર્યાપ્ત સહયોગથી તમને તમારા માતા-પિતાનું સુખ મળશે. શરીરમાં પીડાને કારણે પત્નીને થોડી મુશ્કેલી થઈ શકે છે.

મિથુન : સમજદારીપૂર્વક નવા વિચારોની શોધખોળ કરવામાં દિવસ પસાર થશે. તમે ફક્ત મર્યાદિત અને જરૂરી ખર્ચ કરો છો. તમને તમારા પરિવારના સભ્યોથી દગાની સંભાવના છે. સાંજથી રાત સુધીની સાંજની સફર પણ થઈ શકે છે, જે ફાયદાકારક રહેશે. કોઈ જૂના મિત્રને મળવાનું અથવા ફોનથી વાતચીત કરવામાં આનંદ થશે.

કર્ક : કોઈ વ્યક્તિ, બેંક અથવા સંસ્થા પાસેથી લોન ના લો, તે લોનમાંથી બહાર ઉતરવું મુશ્કેલ બનશે. જૂના મિત્રોનો સહયોગ મળશે અને સારા મિત્રોમાં પણ વૃદ્ધિ થશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે સારો છે. આજે તમારા હક અને સંપત્તિમાં વધારો થશે. તમે બીજાના સારા વિશે વિચારશો અને હૃદયથી સેવા પણ કરશો. આજે તમારી પાસે તમારા ગુરુ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા અને વફાદારી છે.

કન્યા : કન્યા રાશિના લોકો માટે મિશ્રિત ફળનો દિવસ છે. માનસિક અશાંતિ, ચિંતાને કારણે તમે ભટકી શકો છો. માતા-પિતાના ટેકા અને આશીર્વાદ રાહત આપશે.

તુલા : લોકોને કિંમતી વસ્તુઓ મળી શકે છે. પરંતુ આ સાથે બિનજરૂરી ખર્ચા પણ સામે આવશે, જેને તેઓ ઈચ્છતા ન હોય તો પણ મજબૂર થઈ કરવા પડશે. સાસરિયાઓ તરફથી તમને માન મળશે.

વૃશ્ચિક : આજે વધુ વ્યસ્ત રહેશો. પરંતુ આસપાસ ભાગદોડમાં સાવચેત રહો. પગમાં ઈજા થવાનો ભય છે. તમારા નિર્ણયની ક્ષમતાઓનો આજે તમને લાભ મળી શકે છે.

ધન : આજે ધન રાશિના લોકોનું મન ચંચળ રહેશે. આને કારણે ઘણી બધી સમસ્યાઓ પણ ઊભી થઈ શકે છે. એટલું જ નહીં, વ્યવસાયના વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો આજે નિરર્થક થઈ શકે છે.

મકર : આજે મકર રાશિના લોકોએ વ્યર્થ ખર્ચ ટાળવો જોઈએ. જો તમે કોઈ શારીરિક રોગથી પીડિત છો તો આજે તેમાં વધારો થઈ શકે છે. પરંતુ સાંજ સુધી આરામ મળી રહેશે. સામાજિક પ્રવૃત્તિઓમાં વિક્ષેપ રહેશે.

મીન : આજનો દિવસ સારો રહેશે. તમારી મહેનતથી તમને સારા પરિણામ મળશે. તમારા બાળક પ્રત્યેની તમારી શ્રદ્ધા વધુ મજબૂત થશે. આજે મોસાળ તરફથી પ્રેમ અને વિશેષ સહયોગની સંભાવના છે. આજે માતા-પિતાની વિશેષ કાળજી લો, તે આશીર્વાદનો યોગ છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# સંતો વિરૂદ્ધ કેસો કરી આશ્રમની જમીનો ખાલી કરવાના મામલે કોર્ટમાં લડત આપવાની તૈયારીઓ

દાહોદ,

ગુજરાત અને દેશમાં છેલ્લા કેટલાક સમયથી મંદિરોની અને આશ્રમોની જમીનો ખાલી કરાવવા દબાણ ઉભું કરવા તેમજ રાજકીય કારણોસર અનેક પરમ પૂજ્ય સંતો વિરૂદ્ધ વિવિધ પ્રકારના કેસો કરાવવામાં આવી રહ્યાં છે. જેમાં ઘણાં કેસો પ્રથમ દ્રષ્ટિએ જોતાં જ શંકાસ્પદ લાગે છે, છતાં ગુનો દાખલ થઈ જાય પછી જેમનાં વિરૂદ્ધ ગુનો દાખલ થયો છે એમને ન્યાયિક પ્રક્રિયા મુજબ પોતાનો બચાવ કરવાનો રહે છે. અમારૂં સ્પષ્ટ માનવું છે કે, જેતે રાજ્ય સરકારોએ આવાં તમામ શંકાસ્પદ કેસોમાં ફેરતપાસ કરાવી ઉપજાવી કાઢેલા કેસો પરત ખેંચવા માટે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

પૂજ્ય સંત આશારામ બાપુ વિરૂદ્ધ કરવામાં આવેલા કેસો પણ શંકા ઉપજાવે તેવા છે અને હાલમાં આ કેસોમાં ન્યાયિક પ્રક્રિયા ચાલુ છે. નામદાર સેશન્સ કોર્ટથી લઈને નામદાર સુપ્રીમ કોર્ટ સુધી ન્યાય માટે લડવાનો જેમ દરેક નાગરિકને અધિકાર છે અને એ અધિકાર પૂજ્ય બાપુજીને પણ છે અને ન્યાયિક પ્રક્રિયા મુજબ પોતાને નિર્દોષ સાબિત કરવા માટે પૂજ્ય બાપુજી નામદાર સુપ્રીમ કોર્ટ સુધી લડત આપશે.

આપણાં દેશમાં ન્યાયનો જે પ્રચલિત સિધ્ધાંત છે. એ મુજબ સો ગુનેગાર ભલે છૂટી જાય પરંતુ એકપણ નિર્દોષ વ્યકિતને સજા ન થવી જોઈએ અને જ્યાં સુધી નામદાર કોર્ટ કોઈપણ આરોપીને દોષિત જાહેર ન કરે ત્યાં સુધી એ વ્યક્તિ નિર્દોષ ગણાય છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

તેમ છતાં અગમ્ય કારણોસર નામદાર કોર્ટનાં ચુકાદા પહેલાં જ પૂજ્ય આશારામ બાપુજી જાણે ખૂબ મોટા ગુનેગાર હોય એ રીતે એમની પ્રતિષ્ઠાને ઝાંખપ લાગે પૂજ્ય બાપુજીનાં કરોડો સાધનોની લાગણી દુભાય એવાં પ્રયત્નો પૂજ્ય બાપુજીનાં હિતશત્રુઓ દ્વારા કરવામાં આવ્યા છે અને એ આજદિન સુધી ચાલુ છે. જેનાથી પૂજ્ય બાપુજીનાં કરોડો સાધકો ખૂબ દુઃખી છે. તેમજ કરોડો સાધકો છેલ્લા દસ વર્ષોથી પૂજ્ય બાપુજીને જેલમુક્ત કરવામાં આવે એવી માંગણી કરી રહ્યા છે. ગુજરાત નવનિર્માણ સેના પૂજ્ય બાપુજીના સાધકોની લાગણી અને માંગણીને પુરેપુરૂં સમર્થન કરે છે.

અમારૂં સ્પષ્ટ માનવું છેકે, ગુજરાતમાં અને ખાસ કરીને વનવાસી વિસ્તારમાં આર્થિક પ્રલોભનો આપીને હિન્દુ ધર્મના લોકોનું ધર્મપરિવર્તન કરાવવા માંગતી મિશનરીઓને પૂજ્ય બાપુજી આંખનાં કણાની જેમ ખૂંચતા હતાં એટલે આ મિશનરીઓ દ્વારા પોતાની રાજકીય વગનો ઉપયોગ કરી ભૂતકાળમાં આશ્રમ સાથે સંકળાયેલી વ્યકિતઓને હાથો બનાવી પૂજ્ય બાપુજી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાવવામાં આવી હોય એવું પ્રથમ દ્રષ્ટિએ લાગી રહ્યું છે. આ કેસો હાલમાં ન્યાયપાલિકાની વિચારણા હેઠળ છે.

પૂજ્ય આશારામ બાપુ છેલ્લા દસ વર્ષથી જેલમાં છે અનેક ગુન્હાઓ નોંધાયેલા હોય એવા ગુન્હેગારોને પણ અમૂક દિવસો માટે છોડવામાં આવ્યા હોવાનાં તેમજ આરોપીઓની સજા માફ કરવાનાં અનેક કિસ્સાઓ પણ આપણી સામે જ છે. જેમની ઉપર અનેક ગુન્હાઓ નોંધાયેલા હોય અને એમનાં કેસોમાં ચુકાદાઓ આવવાનાં બાકી હોય એવાં મોટા ગુનેગારો જો ખુલ્લી હવામાં ફરી શકે તો જેમણે અનેક સેવાકીય પ્રવૃતિઓ કરી છે. હજારો હિન્દુ પરિવારોની ઘરવાપસી કરાવી છે અને જેમનાં કારણે લાખો હિન્દુઓનું ધર્મપરિવર્તન થતું અટક્યું છે, એવાં પરમ પૂજ્ય સંત આશારામ બાપુ દસ દસ વર્ષોથી જેલમાં બંધ કેમ છે એની ચિંતા કરવી અને પૂજ્ય બાપુજી વહેલીતકે કારાવાસની પીડામાંથી મુક્ત થાય એ માટે યોગ્ય પ્લેટફોર્મ ઉપર નિયમાનુસાર પ્રક્રિયા હાથ ધરવી ખૂબ જ જરૂરી છે.


ગુજરાત નવનિર્માણ સેના પૂજ્ય સંતો અને મંદિરો તેમજ ગૌમાતાને લગતાં ઓગણીસ તેમજ ગુજરાતનાં યુવાનો ખેડૂતો અને મહિલાઓ વગેરેને લગતા અગિયાર એમ કુલ ત્રીસેક મુદ્દાઓ સાથે આગામી વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨ બેઠકો ઉપર પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતારશે અને ગુજરાતીની ગાદી ઉપર મુખ્યમંત્રી તરીકે પૂજ્ય સંત બિરાજમાન થાય એ મિશન અંતર્ગત કુલ ૧૮૨ બેઠકોમાંથી ૯૧ વિધાનસભા બેઠકો ઉપર પોતાના ઉમેદવારો તરીકે પૂજ્ય સંતોને ચૂંટણી મેદાનમાં ઉતારશે અને આગામી ચૂંટણી પછી જ્યારે ગુજરાતની ગાદી ઉપર પૂજ્ય સંત બિરાજમાન થશે. ત્યારે ગુજરાતનાં સર્વાંગી વિકાસની સાથે સાથે મિશનરીઓનાં દબાણ તેમજ રાજકીય કારણોસર ગુજરાતનાં પૂજ્ય સંતો વિરૂદ્ધ જે શંકાસ્પદ કેસો કરવામાં આવેલાં છે, એ તમામ કેસોમાં ફેરતપાસ કરાવી ખોટાં કેસો પરત ખેંચવા માટે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમજ પૂજ્ય સંત આશારામ બાપુને બંધારણીય રીતે મળવાપાત્ર પેરોલ અને ફર્લો રજા તેમજ સજા માફી બાબતે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

## ઝાલોદ શહેરમાં બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરો : સોના ચાંદીના દાગીના તેમજ રોકડ માલમત્તા પર હાથફેરો

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ શહેરમાં આવેલ ગોકુળધામ સોસાયટીના એક બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કરી સોના–ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ ૧,૮૦,૦૦૦ ની ચોરી કરી લઈ નાસી જતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. જોકે, ઘરફોડ ચોરીની સમગ્ર ઘટના ઘરની બહાર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી છે. છતાંય આ ઘટનાને સમય વીત્યા થતાં સોરીને અંજામ આપનાર તસ્કરો હજી પણ પોલીસ પકડથી દૂર છે. જેના પગલે નગરજનોમાં રોષની લાગણી ફેલાવા પામી છે.

ગત તા.૧૯ મી સપ્ટેમ્બરના રોજ ઝાલોદ શહેરમાં આવેલ ગોકુળધામ સોસાયટીના એક બંધ મકાનમાં તસ્કરોએ મકાનના દરવાજાનો નકુચો તોડી પ્રવેશ કર્યાં


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

હતો અને મકાનમાં તિજોરીમાં રાખેલ સોના–ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી મુદામાલ કુલ ૧,૮૦,૦૦૦ /– ની ચોરી કરી અંધારાના લાભ લઈ નાસી જતાં આ સંબંધે સોમાભાઈ કસુભાઈ જાતે અડ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે ઝાલોદ શહેરમાં આવેલ સોસાયટીઓમાં બે થી ત્રણ દિવસ અગાઉ પણ આ સોસાયટીમાં રાત્રીના સમયે તસ્કરોએ બંધ મકાનમાં ચોરી કરવાનો પ્રયાસો કર્યા હતા. જેના સીસીટીવી ફૂટેજ તસ્કરોના ફૂટેજ શહેરનાં ગ્રુપો તેમજ સોશિયલ મીડિયામાં વાઈરલ થયાં છે. જોકે, પોલીસ આ સંબંધે હાલ કોઈ નકર કામગીરી ન કરતા આશ્ચર્ય ફેલાવવા પામ્યો છે. ત્યારે ઝાલોદ પોલીસ તંત્રની બેદરકારી અને અંધેર વહિવટની ચર્ચાઓ શહેરમાં ચાલી રહી છે. નવાઈની વાત એ છે કે, છેલ્લાં એક મહિનાથી આ વિસ્તારની નજીક નજીક આવેલ સોસાયટીઓમાં ચોરીના બનાવો તેમજ તસ્કરો દ્વારા ચોરીઓ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા આ વિસ્તારના રહિશોને સુરક્ષા આપવામાં સદંતર નિષ્ફળ ગયું તેવું જાણવા મળી રહ્યું છે. આ વિસ્તારની સોસાયટીઓમાં ચોરી ના બનાવો સામે આવતા પોલીસ તંત્રની પેટ્રોલિંગ ઉપર અનેક સવાલો ઉભા થયાછે. ત્યારે આ સોસાયટીમાં અવારનવાર તસ્કરો દ્વારા ચોરીઓ કરવાનો પ્રયાસ તેમજ ચોરી થતાં આ વિસ્તારના લોકોમાં ગભરાટ ફેલાય રહ્યો છે. શહેરના છેવાડાના વિસ્તારોમાં આવેલ સોસાયટીઓમાં પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા પુરી પાડે તેવી આ વિસ્તારના રહિશોની માંગ ઉઠવા પામી છે. ત્યારે આ સોસાયટીના રહિશો દ્વારા પોલીસ તંત્રને જાણ કરી હતી. પણ પોલીસ તંત્ર દ્વારા ગત દિવસે એક ચોરીનો ગુનો નોંધાયો હોવાનું જાણવા મળે છે અને બીજી બે જગ્યાએ તસ્કરો એ ચોરી કરવાનો પ્રયાસ કરાયો હતો. ત્યારે મકાન માલિકો દ્વારા પોલીસ તંત્રને લેખીત અરજી થીં જાણ કરવામાં આવે છે પણ આ સબંધે હાલ ગુનો નોંધાયો નથી તેવું મકાન માલિકો દ્વારા જણાવાયું હતું.

## ફતેપુરા તાલુકામાં મંત્રી નિમિષાબેન સુથારના પૂતળા દહન કરવામાં આવ્યું

ફતેપુરા,

આદિવાસી સમાજ દ્વારા રાજ્ય કક્ષાના આદિજાતિ મંત્રી નિમિષા સુથાર,કેન્દ્રીય કેબિનેટ મંત્રી પુરૂષોત્તમ રૂપાલા તેમજ નરેશ પટેલના પૂતળાંનું દહન કરવામાં આવ્યું.

દાહોદ જિલ્લાના ફતેપુરા ખાતે આદિવાસી સમાજ દ્વારા મોરવા હડફના ધારાસભ્ય, રાજ્ય કક્ષાના આદિજાતિ મંત્રી નિમિષાબેન સુથારના પૂતળાંનું દહન કરવામાં આવ્યું. સાથે સાથે કેન્દ્રીય કેબિનેટ મંત્રી પુરૂષોત્તમ રૂપાલા અને નરેશ પટેલ ગણદેવીના ધારાસભ્ય કેબિનેટ મંત્રી બન્ય આદિજાતિ વિકાસ અને નાગરિક પુરવઠા મંત્રીના પૂતળાંનું દહન પણ કરવામાં આવ્યું.

આ બાબતે આદિવાસી સમાજ ફતેપુરાના આગેવાન મેહુલ તાવિયાડ દ્વારા જણાવવામાં આવ્યું કે, બોગસ આદિજાતિ પ્રમાણપત્રોનો



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

મુદ્દો ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી વણઉકલ્યો રાખવામાં આવી રહ્યો છે. ૨૦૧૮ નો કાયદો અને ૨૦૨૦ ના નિયમોના પાલન કરાવવાની જગ્યાએ રાજ્ય સરકાર, ગેર બંધારણીય પરિપત્રો કરીને બોગસ પ્રમાણપત્રો ધરાવતા લોકોને છાવરી રહી છે.

બોગસ આદિજાતિ મંત્રી નિમિષાબેન સુથારના લીધે નવા નવા પરિપત્રો ફતવા બનાવી આદિવાસી સમાજને અન્યાય થઈ રહ્યો છે. રાજ્યની ભાજપ સરકાર દ્વારા બોગસ આદિજાતિ મંત્રી બનાવવાનું કારસ્તાન થયેલું છે. તેમજ હાલ થોડા સમય પહેલા છોટાઉદેપુર ની એક જાહેર સભામાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ જાહેર સભામાં કીધું હતું કે, આદિવાસીઓને દારૂની પોટલી વગર સાંજ પડતી નથી. તેમના આ નિવેદન સામે આદિવાસી સમાજ એ રોષ ઠાલવ્યો હતો અને ગુજરાત સરકારના આદિવાસીઓ પ્રત્યે આવા વલણોના કારણે ખૂબ જ દુઃખ વ્યક્ત કરી આદિજાતિ મંત્રી નિમિષાબેન સુથાર તેમજ કેન્દ્રીય કેબિનેટ મંત્રી પુરૂષોત્તમ રૂપાલાના પૂતળાંઓ સળગાવી સરકાર ને વિરોધ વ્યક્ત કર્યો હતો.

વધુમાં જણાવ્યું હતું કે, હવે આવનાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને કદાચ એવો ભ્રમ હોય કે આદિવાસી સમાજ ભાજપ સાથે છે, તો મગજ માંથી કાઢી નાખજો આદિવાસી સમાજ જાગી ચૂક્યો છે, ફતેપુરા વિસ્તાર નથી, ભાજપ ને એક પણ વોટ નહિ મળે અને એનો જવાબ આવનાર વિધાનસભાની ચૂંટણીમાં આદિવાસી સમાજ આપશે એવું જણાવ્યું હતું.

## દાહોદ જીલ્લા સહિત ઝાલોદમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર સહીત ઝાલોદ તેમજ લીમડી પંથકમાં છેલ્લા ત્રણેક દિવસથી અસહ્ય ઉકળાટ અને ગરમીના માહોલથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. જયારે આજરોજ વહેલી સવારથી દાહોદમાં આકાશમાં વાદળછાયુ વાતાવરણ વચ્ચે તડકો છાંયડાનો માહોલ સર્જાયો હતો. અને સાંજ પડતા પડતા દાહોદ ઉપરાંત ઝાલોદ લીમડી પંથકમાં વીજળીના ચમકારા અને ઠંડા પવનની સાથે વરસાદી ઝાપટું પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

સમગ્ર દેશમાં ચોમાસુ અંતિમ ચરણમાં છે અને ગુજરાતમાં તો ચોમાસાની લગભગ વિદાય લઈ લીધી છે. તેમ મનાઈ રહ્યું છે. છેલ્લા કેટલાય સમયથી ભારે ઉપલાટ અને ગરમીની વચ્ચે નવરાત્રી પર્વ દરમિયાન વરસાદના ઝાપટા પડવાની અટકળો ચાલી રહી હતી, પરંતુ નવરાત્રી અને દશેરા પર દરમિયાન વરસાદ ન પડતા ગરબા આયોજકો તેમજ ખેલૈયાઓએ રાહત શ્વાસ દીધો હતો. જોકે, દાહોદ જિલ્લામાં ઢળતી સાંજે એકાએક વાતાવરણમાં પલટો આવતા ઠંડક પ્રસરી છે. છેલ્લા બે ત્રણ દિવસથી દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટ અને ગરમીથી લોકોના હાલ બેહાલ થયાં હતા. ત્યારે આજે વહેલી સવારથી જ વાદળ છાયા વાતાવરણ વચ્ચે સૂર્યનારાયણ દિવસભર સંતાકૂકડી રમી હતી અને સાંજ પડતા પડતા વીજળીના ચમકારાની સાથે દાહોદ શહેર તેમજ ઝાલોદ તાલુકાના લીમડી, ઝાલોદમાં વરસાદી પવન સાથે વરસાદી ઝાપટું પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

## દાહોદના કોલેજ ગ્રાઉન્ડ ખાતે શનિવારે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવત માન દાહોદ ખાતે સભાને સંબોધશે



દાહોદ,

ગુજરાતમાં જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે. તેમ તેમ રાજકીય પક્ષો પોતાની શકતી બતાવવા અને જનતા ને વાયદાઓ આપવા માટે સભાઓ કરી જનતાને રિઝવવાના પ્રયાસ હાથ ધરાઈ રહ્યા છે. ત્યારે દાહોદ ખાતે બે રાજ્યોના મુખ્યમંત્રીઓ આવવાના હોવાથી આમ આદમી પાર્ટી દ્વારા દાહોદના કોલેજ ગ્રાઉન્ડ ખાતે અરવિંદ કેજરીવાલ અને ભગવત માન એમ બે મુખ્યમંત્રીઓ દાહોદ ખાતે શનિવારે તારીખ ૮ ઓક્ટોમ્બરના રોજ દાહોદ જિલ્લાની જનતાને સંભોધવાના હોવાના કારણે દાહોદ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ વધારે ભીડ એકઠી કરવા માટે ગામડાઓમાં બેઠકો યોજી દાહોદ ખાતે આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમની સાથે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ દાહોદ ખાતે આવી દાહોદની જનતાને તેમની ચૂંટણી વાયદાઓની ગેરંટીઓ આપવાના હોવાથી આમ આદમી પાર્ટી દાહોદના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ તન તોડ મહેનત કરી રહ્યા છે.

## દાહોદ શહેરમાં દશેરાના પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ



દાહોદ,

દાહોદ શહેર સહીત જિલ્લાભરમાં નવરાત્રી નવ દિવસ દરમિયાન ગરબે ગરબે રમ્યા બાદ આજરોજ દશેરા પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લામાં ઠેર ઠેર રાવણ દહનનું કાર્યક્રમ યોજાયો હતો. તેમજ રામ અને રાવણના પાત્રો દ્વારા નાટકો પણ ભજવવામાં આવ્યા હતા.

અસત્ય પર સત્યની વિજયની પ્રતીકસમા દશેરા પર્વ નિમિત્તે દર વર્ષે દાહોદ શહેર સહીત જિલ્લાભરમાં રાવણ દહનનો કાર્યક્રમ યોજાય છે. જોકે કોરોના કાળમાં તહેવારોને બ્રેક લાગી ગયા હતા. જોકે, આ વર્ષે પરિસ્થિતિ સામાન્ય થતા ત્રણ વર્ષ બાદ યોજાયેલા રાવણના કાર્યક્રમમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. દાહોદ શહેરમાં પરેલ ફ્રી લેન્ડગંજ વિસ્તાર, સી.સાઈડ, ગોદી રોડ, ભવનગર જેવા વિસ્તારોમાં ઠેર–ઠેર રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો હતો. તેની સાથે શહેરના જુદા જુદા વિસ્તારની શેરીઓમાં પણ નાના ભૂલકાઓ દ્વારા રાવણનું પૂતળું બનાવી રાવણ દહન કરવામાં આવ્યું હતું. જેમાં લોકોએ હર્ષ ઉલ્લાસ સાથે ભાગ લીધો હતો.

## દે.બારીયા દશેરાના મેળા માંથી યુવકને ૫૦૦ના દરની ડુપ્લીકિટ નોટો સાથે ઝડપ્યો



દે.બારીયા,

પોલીસે ડુપ્લીકિટ ૫૦૦ના દરની ચલણની નોટો સહિત પ્રિન્ટર મશીન મોબાઈલ તેમજ એક અસલી ૫૦૦ ના નોટ ઝડપી પાડ્યુઓનલાઇન ડુપ્લીકિટ નોટ બનાવવાની રીત જાણી યુવકે ૫૦૦ ના દરની કલર પ્રિન્ટ કાઢી.

દેવગઢ બારીયા નગરમાં એક યુવક ડુપ્લીકિટ ૫૦૦ના દરની નોટો લઈ ખરીદી કરવા આવવાની બાકી આધારે પોલીસે ૧૮ વર્ષીય યુવકને દબોથી લઈ પૂછપરછ કરતા યુવકે તેનું નામ પ્રિયજિત સિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ રહે. સેવાનિયા તાલુકો દેવગઢબારિયા, જિલ્લો–દાહોદ હાલ. રહે, દેવગઢ બારીયા નગરના શિવમ રેસીડિન્સીમાં ભાડાનું મકાનમાં શેની તપાસ હાથ ધરતા એ યુવકના ખિસ્સા માંથી ૫૦૦ના દરની ડુપ્લીકિટ ચલણી નોટ મળી આવી હતી. જેને લઈ તેને વધુ પૂછપરછ કરતા યુવકના ભાડાના મકાનમાં તપાસ કરતા ક્યાંથી પોલીસને ૫૦૦ના દરની એક જ સીરીયલ નંબરની કલર પ્રિન્ટ કાઢેલી ૧૮૯ નંગ નોટો પોલીસને મળી આવતા પોલીસે પૂછપરછ કરતા તેને ઓનલાઈન ડુપ્લીકિટ નોટ બનાવવાની રીત જાણી તેને આ કલર પ્રિન્ટરનો ઉપયોગ કરી ડુપ્લીકિટ નોટો બનાવી હોવાનું કબૂલ્યું હતું. પોલીસે એક ૫૦૦ના દરની અસલી નોટ સહિત ૧૮૯ ડુપ્લીકિટ નોટો તેમજ કલર પ્રિન્ટર મોબાઈલ ફોન કબજે લઈ તે યુવકની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે હાલ દશેરાના મેળાની આડમાં આવી કેટલી ડુપ્લીકિટ ચલણી નોટો બજારમાં ફરતી થશે તેવા પણ અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

## દે.બારીયાના દશેરાના બીજા દિવસે મેળામાં વરસાદનું વિક્ષેપ પડતા વેપારીઓમાં નિરાશા

દે.બારીયા,

દે.બારીયામાં નવલા નોરતા અને દસમો દશેરો એટલે વિજયાદશમી દશેરામાં બીજા દિવસે એટલે પાર્ટીનો દિવસ કહેવામાં આવે છે. સાંજે શહેરવાસીઓ દશેરાનો મેળો માણવા જતા હોય છે અને દિવસે આસપાસની ગ્રામીણની આમ જનતામાં દશેરાના મેળામાં હરવા ફરવાના હેતુ સાથે શહેરમાં આવે છે. મેળામાં હરે ફરે છે. મોજમજા માણે છે. આ મેળામાં પરપ્રાંતના વેપારીઓ પેટયું રળવા કમાણીના અર્થે આવતા હોય છે. તા.૬/૧૦/૨૦૨૨ ગુરુવારના રોજ બપોરે ત્રણ કલાકે વરસાદનું આગમન વાવાવંટોળ સાથે વરસાદ વરસતા મેળાની મજામાણતી ગ્રામીણની પબ્લીક વરસતા વરસાદે મેળા છોડીને પોતાના ઘરે જવા માંડી હતી. જેથી મેળાના વેપારીઓમાં નિરાશા હાથ લાગી હતી. માંડમાંડ જે બમણા નાણાં આપીને જમીન મેળવી હતી. તેના પૈસા પણ સરભર થયા નથી. મળતા સૂત્રો અનુસાર ૩૮ લાખ જેવી જમીન માફિયાઓ અંદરો અંદર મેળાપીપણાથી ખરીદી લેતા હોય છે. પછી તેના બમણાં ભાવ લઈને નાના વેપારીઓ જેઓને એક હાથ લારી ઉભી રાખવાના રૂા.૫,૦૦૦/– અને દૈનિક લારીના રૂા.૨૦/–ની જે પાવતી બનતી હતી. તેના રૂા.૫૦૦/–લેખે એસ.કે. નામી પર્હોંચ આપી ઉઘાડી લુંટ ચલાવી રહ્યા છે. જેની કોઈ રોકટોક કરવાવાળું તંત્ર જાણે આંધળુ થઈ ગયું છે. આના માટે કોણ જવાબદાર ગણાશે તે વેધક સવાલ છે. આમ ને આમ લુંટ ચાલશે તો એક દિવસ દશેરો બંધ કરવાનો વારો આવે તો નવાઈ નહિ અમુક વેપારીઓતો જમીનનો ભાવ બમણો જોઈને પરત જતા રહ્યા હતા. તેવા અહેવાલ પ્રાપ્ત થયા છે. દશેરાનો ટુંકો ઈતિહાસ આ મુજબ છે. ૧૫ સદીના અંતમાં પાવાગઢ–ચાંપાનેરના પતાઈ રાજાનું અને તેમના નાના પુત્ર ડુંગરસિંહ એ દે.બારીયા રાજ્યની સ્થાપના કરી માતાના શ્રાપના નિવારણ માટે અને તેમને પ્રસન્ન કરવા દે.બારીયાના મહાકાલી માતા મંદિરમાં ખાડાધારીની સ્થાપના આસો સુદ એકમ થી કરવામાં આવતી હતી અને જવારાવાળી નવરાત્રી સુધી એકપણ ભુખ્યા પેંટે માતાજીના મંત્રજાપ કરવામાં આવતા દશેરાના દિવસે માનસરોવર તળાવમાં વિર્સજન કરી રાજાની સવારી બારીયા સ્ટેટના શહેરમાં ફેરવાતી અને મેળાનું આયોજન થયું હતું. આ જુની અને રજવાડી સમયના મેળાની પરંપરા જો જાળવી રાખવી હોય તો મેળામાં આવતી આમ જનતા મેળા માટે મનોરંજક પુરુ પાડતા વેપારી ભાઈની લુંટ નહિ પણ ખાતરીદારી કરી આ પાંચ મહાલ એટલે લુણાવાડ, સંતરામપુર, છોટાઉદેપુર અને જાંબુઘોડાના આ પાંચ સ્ટેટ રાજવી સમયમાં શરૂ થયેલો દશેરો ચાલુ રાખવા માટે બુધ્ધીજીવીઓને વિચાર વિર્મશ કરવો પડશે તો જ આ પરંપરાગત સાથે સાંસ્કૃતિક મેળો જળવાય રહેશે.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

૫ ઓક્ટોબર રાણા પૂંજા ભીલ જન્મ જયંતી નિમિતે ફતેપુરા તાલુકાના પિપલારા ગામે ભીલ પ્રદેશ ચોક ખાતે આદિવાસી સમાજ દ્વારા રાણા પૂંજા ભીલના ફોટાને ફૂલહાર કરી જય જોહાર, જય ભીલ પ્રદેશના નારા બોલાવી ઉજવણી કરવામાં આવી. જેમાં આદિવાસી ટાઈગર સેના ફતેપુરા તાલુકાના પ્રમુખ મેહુલ તાવિયાડ,ભીલ પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ શિરીષ બામણીયા, મનસુખ કટારા, પીનેશ ચારેલ સહિત મોટી સંખ્યામાં સામાજિક કાર્યકરો ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા તાલુકાના પાટીયાઝોલ ખાતે રહેણાંક વિસ્તારમાં અગજર જોવા મળતા ખેતરના માલિક દ્વારા ઓલ એનિમલ રેસ્ક્યુ ટીમનો સર્પક કરવામાં આવ્યો હતો. માહિતી મળતાની સાથે જ ઓલ એનીમલ રેસ્ક્યુટ ટીમ અને વન વિભાગની ટીમ ઘટનાસ્થળે ગઈ હતી અને અજગરને રેસ્ક્યુ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અજગરની લંબાઈ ૯ ફૂટ અને તેનો વજન ૧૬ કિલોગ્રામ જેટલો હતો. વન વિભાગ દ્વારા પંચકેસ કરી આ અજગરને જંગલ વિસ્તારમાં છોડી મૂકવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.41

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## વર્ષોથી દશેરાના દિવસે માટલી ગરબાની પરંપરા

# કાલોલના ડેરોલ ગામે માનતા પૂર્ણ થતાં લોકો માથે માટલી લઈ ગરબે ઝૂમે છે

કાલોલ,

સમગ્ર રાજયમાં આરાધનાનો પર્વ એટલે કે નવલી નવરાત્રી પૂર્ણ થતાંજ મોટાભાગે સમગ્ર રાજયમાં ગરબા બંધ થઈ જતા હોય છે, ત્યારે પંચમહાલના કાલોલ તાલુકાના ડેરોલગામમાં દશેરા ના દિવસે પારંપરિક માટલી ગરબાનું આયોજન સદીઓથી થતું આયો છે આ માટલી ગરબાનું મહત્વ અને તેના લોંડે અનેક લોકવાયકા જોડાયેલી છે અને આ માટલી ગરબાને ખુબજ મહત્વ અને આ ગરબા સાથે માઈ ભક્તોની આસ્થા જોડાયેલી હોય છે, નવલી નવરાત્રીમાં તમે ખેલૈયાઓને અનેક અડાઓમાં ગરબે ઝૂમતા જોયા હશે પરંતુ પંચમહાલના ડેરોલ ગામના ગરબા કંઈક અલગ છે. અહીં દશેરાના દિવસે પરંપરાગત માટલી ગરબા આ વર્ષે પણ એજ આસ્થા, ઉત્સાહ અને ઉમંગ સાથે યોજાયા હતા.



પંચમહાલના ડેરોલ ગામના આ ગરબા જ્યાં મહિલાઓ અને પુરૂષો પરંપરા મુજબ માથે માટલી મુકીને ગરબે ગુમી રહ્યા છે, અહીં ગરબાની સાથે સાથે આદ્યશક્તિ માં અંબામાં રહેલી ભક્તોની આસ્થાના દર્શન થાય છે. શણગારેલી માટલી માથે મૂકી સ્ત્રીઓ ગરબે ઘૂમી માં અંબાની આરાધના કરી રહી છે. ત્યારે તેઓને ગૌરવ તો એ છે કે તેઓએ આજે પણ ભારતીય સંસ્કૃતિ, પરમ્પરાને આજે પણ જાળવી રાખી છે. અહીં આજુબાજુના ૨૮ ગામોમાંથી માઈ ભક્તો નવરાત્રી દરમિયાન પોતાના ઘરે મુકેલ માતાજી નો ગરબો લઈને આવે છે અને દશેરાના દિવસે માથે મૂકી ગરબે ઘૂમે છે. જે માઈ ભક્ત પોતે કોઈ માનતા માંગવા માંગતા હોઈ તે અને જેની માનતા પૂર્ણ થઇ હોય તે પણ માથે ગરબો (માટલી) મૂકી ગરબે ઘૂમે છે.



ડેરોલ ગામમાં વર્ષોથી પોતાની મનોકામના સાથે ગ્રામજનો માથે માટલી સાથેનો ગરબો લઈ ગરબે ઘુમતા હોય છે. અહીં માટલી ગરબાની પરંપરા પેઢીઓથી ચાલતી આવે છે, જેમાં ગ્રામજનો પોતાની સંતાન પ્રાપ્તિ, ખેત ઉપજ અને વિવાહ સહિત માટે પોતાની આસ્થા મુજબ માટલી ગરબા કરવાની માનતા રાખે છે અને જે મનોકામના પૂર્ણ થતી હોવાની શ્રધ્ધા સૌ ધરાવે છે. આબાલ, વૃદ્ધ, મહિલાઓ, યુવક, યુવતી, પુરૂષ સહિત પોતાના ઘરેથી માટલી એટલે કે ગરબા ને ફૂલોથી સજાવી તેમાં ધાન્ય ભરી તેમાં દીવો પ્રગટાવીને તેને ફૂલો થી સજાવી ઉપર દીવો પ્રગટાવી ગામમાં આવેલા ચોકમાં પહોંચી જતા હોય છે અને માં અંબેમાં ની આરતી બાદ માટલી ગરબો લઈ ગરબે ઘૂમે છે, અને રાખેલી માનતા મુજબના ફેરા ફરી ગામમાં આવેલા કૂળદેવીના મંદિરમાં ગરબાનું વિસર્જન કરે છે. ખાસ તો આ ગામની દીકરીઓના અન્ય ગામમાં લગ્ન કર્યા હોય તે પણ દશેરાના માટલી ગરબામાં શ્રધ્ધાભેર અચૂક આવે છે. ડેરોલ ગામની એક પરંપરા એ પણ છે કે ગ્રામજનો તમામ તહેવાર હળીમળી ઉજવણી કરી રહ્યા છે. આ ઉપરાંત પ્રતિવર્ષની સ્થિતિને અનુલક્ષી થીમ તૈયાર કરવામાં આવે છે જે મુજબ આ વર્ષે વડાપ્રધાનના મેક ઈન ઈન્ડિયા અને વન્દે ભારત અભિયાનને વેગવંતું બનાવવાની થીમ અહીં તૈયાર કરવામાં આવી હતી જે આકર્ષણનો ભાગ બની હતી.

સમગ્ર રાજયમાં નવ દિવસ બાદ ડેરોલ ગામ જેવા ગરબા ભાગ્યેજ જોવા મળતા હોય છે. અહીં નવરાત્રી દરમિયાન માત્ર અને માત્ર પરંપરાગત જ ગરબા યોજાય છે, નવરાત્રીના દિવસોમાં પણ અહીં ફિલ્મીગીતોની જગ્યાએ માત્રને માત્ર ઓરીજીનલ ગરબા જ ગવાય છે. અને દશેરાના દિવસે મહિલાઓ શણગારેલી માટલીઓ માથે મૂકી પોતાની માનતા પુરી કરવા હર્ષ ઉલ્લાસથી ગરબે ઘૂમે છે ત્યારે સંસ્કાર અને સંસ્કૃતિના બદલાવ વચ્ચે ડેરોલ ગામના આ ગરબા આસ્થા અને શ્રદ્ધાના ટમટમતા તારા સમાન છે.

## ઘોઘંબામાં શિવ શક્તિ (કોબ્રા) ગ્રુપ દ્વારા નવરાત્રિ મહોત્સવમાં દુર્ગા વાહિની પૂજા અને રાવણ દહન કાર્યક્રમ યોજવામાં આવ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકા મથકે શિવ શક્તિ ગ્રુપ દ્વારા છેલ્લા ૯ દિવસ નવરાત્રિ મહોત્સવ આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રિમાં દરરોજ હજારોની સંખ્યામાં માઇ ભક્તો હાજર રહી ગરબાની સુંદર રમઝટ બોલાવી હતી. સમગ્ર નવરાત્રી મહોત્સવ દરમિયાન રોજે રોજ નવા નવા કલાકારો દ્વારા આનંદ અને ઉત્સાહનું વાતાવરણ પૂરૂં પાડવામાં આવ્યું હતું.

દશેરાના પવિત્ર તહેવાર નિમિત્તે શિવ શક્તિ ગ્રુપ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં દુર્ગાવાહિની પૂજનમાં ગરબે રમનાર સૌ દીકરીઓ અને મહિલાઓને રંગબેરંગી પાઘડીઓ બાંધી અનોખુ આકર્ષણ જમાવ્યું હતું.




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

પાઘડીઓ બાંધેલી મહિલાઓ દ્વારા દશેરાના પવિત્ર તહેવાર નિમિત્તે વિવિધ મહાનુભાવોની હાજરીમાં શસ્ત્રોની પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ પાઘડી બાંધેલી તમામ મહિલાઓ ગરબે ઘૂમીને અનોખુ વાતાવરણ બનાવ્યું હતું. ક્ષત્રિય સમાજ દ્વારા દર વર્ષે પોતાના શસ્ત્રોનું પૂજન દશેરાના દિવસે કરવામાં આવતું હોય છે. ત્યારે આ વખતે પણ કમળા નગર ખાતે યોજાયેલ નવરાત્રિ મહોત્સવમાં પ્રખંડ હિન્દુ રાષ્ટ્ર તરીકે શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બજરંગ દળના કાર્યકરો અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો દ્વારા સુંદર આયોજન કરી હિન્દુ રાષ્ટ્ર તરીકેની એકતાનો સુંદર સંદેશ પૂરો પાડવામાં આવ્યો હતો.

દશેરાની રાત્રે સમગ્ર કાર્યક્રમ બાદ કાર્યકરો દ્વારા અસુરી શક્તિ તરીકે ઓળખાતા રાવણનું પૂતળું બનાવી તેનું દહન કરી સમાજમાં સકારાત્મક શક્તિઓનો ઉદય થાય તેવો સુંદર કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઘોઘંબા તાલુકા ભાજપ પ્રમુખ ગુણવંતસિંહ ગોહિલ, જિલ્લા પંચાયત સદસ્ય ભીખાભાઈ સોલંકી તથા બજરંગ દળના પ્રમુખ ધવલભાઈ પંડિત, નિલેશભાઈ વરિયા તથા સમસ્ત શિવ શક્તિ (કોબ્રા) ગ્રુપ નવરાત્રીના આયોજક યુવાન મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## વેજલપુર ગામે આવેલ ઈતિહાસિક વેજનાથ મહાદેવ મંદિર ખાતે પરંપરાગત દશેરાનો તહેવાર ઉજવાયો



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામ ખાતે આવેલ ઈતિહાસિક વેજનાથ મહાદેવ મંદિર ખાતે જૂની પરંપરા મુજબ દરેક ઘરે થી માથે માટલી ગરબા ઉપાડી વેજલપુરના પુરાણીક મંદિર ખાતે માથે ગરબા ઉપાડી પગ પાળા ચાલીને મંદિર એ પોહચી પધરાવવામાં આવે છે. જેથી મોટી સંખ્યામાં વિવિધ વિસ્તાર માંથી માથે ગરબા લય દશેરાની જૂની પરંપરા અનુસાર દશેરાની ઉજવણી કરી દશેરાના તેહવારની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે ઘણા લોકો વેજલપુર ગામ છોડી હિઝરત કરી ગયેલા લોકો ફરી દશેરાના દિવસે હિઝરત કરેલ લોકો દશેરાના આ તેહવાર ઉપર પોતાના વતનમાં આવેલ ઈતિહાસિક વેજનાથ મહાદેવ મંદિરમાં દર્શન કરવા આવે છે અને જૂની પરંપરા મુજબ દશેરાની ઉજવણી કરવામાં આવે છે.

## પંચમહાલ જીલ્લામાં વાતાવરણમાં પલટા સાથે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી

- ખેતરોમાં ઉભા તૈયાર પાકોને નુકશાનની ભીંતિ.
- મોરવા(હ)માં ૩ કલાકમાં ૩ ઈંચ વરસાદ.

ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં દિવસભર વાદળછાયા વાતાવરણ વચ્ચે મોડી સાંજે ભારે પવન સાથે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

પંચમહાલ જીલ્લામાં સહિત ગોધરા શહેરમાં દિવસભર વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું અને મોડી સાંજે ભારે પવન સાથે વરસાદ પડયો હતો. વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. લોકો વરસાદ નહિ પડે તેવી આશાએ દિવાળી નજીક આવતાં ઘરોની સાફ-સફાઈમાં લાગ્યા હતા. ખેડુતો ખેતરોમાં ઉભા તૈયાર પાકો લલણીની તૈયારીમાં હતા. તેવામાં અચાનક વાતાવરણમાં પલટા સાથે વરસાદ વરસતા ખેડુતોને પાકમાં નુકશાન થવાની ભીંતિ દર્શાવી છે પંચમહાલ જીલ્લા છેલ્લા કેટલાક દિવસ થી ગરમી બફારા થી લોકો પરેશાન થઈ રહ્યા હતા. તેવામાં વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક વર્તાઈ છે. જીલ્લાના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે.

**પંચમહાલમાં નોંધાયેલ વરસાદના આંકડા**

કાલોલ - ૩૧ મી.મી.
ગોધરા - ૨૮ મી.મી.
ઘોઘંબા- ૨૮ મી.મી.
જાંબુઘોડા - 30 મી.મી.
મોરવા(હ) - ૭૭ મી.મી.
શહેરા - ૧૭ મી.મી.
હાલોલ - ૪૧ મી.મી.

## રાજય આરોગ્યમંત્રી નિમિષાબેન સુથારની અધ્યક્ષતામાં પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાં વિવિધ લોકાર્પણ કાર્યક્રમ યોજાયા

- સામૂહિક આરોગ્ય કેન્દ્ર મોરવા (હ) ખાતે નવીન સ્ટાફ કવાટર્સ તથા ભુવાર, કડાદર, ખુદરા, રામપુરા અને વનેડા ખાતે પેટા આરોગ્ય કેન્દ્રનું કરાયું લોકાર્પણ.
- રૂપિયા ૨૨૫ લાખના ખર્ચે સ્ટાફ કવાટર્સ તથા ૧૧૦.૧૭ લાખના ખર્ચે તૈયાર થયેલ પેટા આરોગ્યકેન્દ્રનું કરાયું લોકાર્પણ.
- મોરવા હડફ તાલુકામાં સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે જે ગૌરવની બાબત છે. : મંત્રી નિમિષાબેન સુથાર.

ગોધરા,

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકા ખાતે રાજ્યમંત્રી (આદિજાતિ વિકાસ આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ) નિમિષાબેન સુથાર અને વિવિધ મહાનુભાવોના હસ્તે વિવિધ લોકાર્પણ કાર્યક્રમ અને સભાનું આયોજન કરાયું હતું. સૌપ્રથમ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મોરવા હડફ ખાતે નવીન સ્ટાફ ક્વાટર્સનું લોકાર્પણ કરાયું હતું. આ સ્ટાફ ક્વાટર્સ રૂપિયા ૨૨૫ લાખના ખર્ચે તૈયાર થયું છે. આજના આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને મહાનુભાવોના સ્વાગત થકી કરાઈ હતી.આ પ્રસંગે વિવિધ મહાનુભાવોના હસ્તે તાલુકાના લાભાર્થીઓને પી.એમ.જે.વાય આયુષ્યમાન કાર્ડ અને ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટનું વિતરણ કરાયું હતું.



આ પ્રસંગે મંત્રીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં વિવિધ વિકાસના કાર્યો થયા છે. આજે છેવાડાના વ્યક્તિ સુધી યોજનાકીય લાભો પહોંચ્યા છે. જે દિશામાં નક્કર કામગીરી થઇ છે. મોરવા હડફ તાલુકો પંચમહાલ જિલ્લામાં સૌથી નાનો તાલુકો છે. જેમાં આજે એક જ દિવસમાં પાંચ પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ થયું છે જે ગૌરવની બાબત છે. આજે સરકારના પ્રયાસોથી ૧૦૮ જેવી સુવિધાનો લાભ છેવાડાના વ્યક્તિ સુધી પ્રાપ્ત થયો છે.

વધુમાં જણાવ્યું કે, તાત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલા અને બાળ વિભાગની સૌપ્રથમ શરૂઆત કરીને મહિલાઓને સન્માન આપ્યું છે. પ્રધાનમંત્રી ઉજજવલા યોજના થકી બહેનોને ધુમાડામાથી હંમેશા માટે મુક્તિ મળી છે. આજે વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના એટલે કે આયુષ્માન પી એમ જે વાય યોજના થકી દર્દીઓને ૦૫ લાખ સુધી તદ્દન નિઃશુલ્ક આરોગ્ય લાભ મળ્યો છે. આભા એપ્લિકેશન મારફતે ડિજિટલ હેલ્થ આઈડી સાથે પ્લેટફોર્મ મળ્યું છે. આજે આપણા તાલુકાને ડાયાલિસિસ સેન્ટર મળ્યું છે. સરકારએ અંધત્વ મુકત ગુજરાત અભિયાન ચલાવ્યું છે જેમાં મફત આંખોનું ઓપરેશન થાય છે. એન સી ડી કાર્યક્રમ હેઠળ દર્દીઓના ઘરે ઘરે ચેકઅપ અને ટેસ્ટ કરાયા છે. આ સાથે તેમણે કહ્યું કે મોરવા હડફ તાલુકામાં સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે જે આપણા સૌ કોઈ માટે ગૌરવની બાબત છે.

અહી નોંધનીય છે કે, રૂપિયા ૨૨૫ લાખના ખર્ચે સ્ટાફ ક્વાટર્સ તથા ૧૧૦.૧૭ લાખના ખર્ચે તૈયાર થયેલ પેટા આરોગ્યકેન્દ્ર મળી કુલ રૂપિયા ૩૩૫.૧૭ લાખના વિકાસના કાર્યોનું લોકાર્પણ કરાયું છે. જેમાં ભુવર ખાતે ૨૨.૫૩ લાખ, કડાદરા ખાતે ૨૧.૮૯ લાખ, ખુદરા ખાતે ૨૧.૧૦ લાખ, રામપુરા ખાતે ૨૨.૪૦ લાખ અને વનેડા ખાતે રૂપિયા ૨૨.૨૫ લાખના ખર્ચે પેટા આરોગ્યકેન્દ્રનું લોકાર્પણ કરાયું છે. આ સાથે આ પાંચેય ગામો ખાતે મંત્રીએ સરપંચ અને ગ્રામ્ય લોકો સાથે સંવાદ પણ સાધ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જે.પી પરમાર દ્વારા શાબ્દિક સ્વાગત અને ડોક્ટર ભુરીયા દ્વારા આભારવિધિ રજૂ કરાઈ હતી.

આજના પ્રસંગે જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારિયા, તાલુકા પંચાયત પ્રમુખ ધર્મિષ્ઠાબેન માલીવાડ,બાંધકામ સમિતિના ચેરમેન વિક્રમ ડિંડોર, જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યો, સરપંચ સહિત જિલ્લા અને તાલુકાના વિવિધ અધિકારીગણ, કર્મચારીઓ, મહાનુભાવો અને મોટી સંખ્યામાં ગ્રામ્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

**ગોધરા તાલુકાના નદીસર ગામે દશેરાની રાત્રી એ પણ પરંપરાગત માતાજીના ગરબા જામ્યા હતા. ગામના રામજી મંદિર, જૂની પંચાયત, ઘરવાળા, પટેલ ફળિયું, વણકરવાસ, પગીવગા ફળિયા માં મોડી રાત સુધી માતાજીના ગરબા જામ્યા હતા અને માતાજીની મહાઆરતી યોજાઇ હતી. જ્યારે ગરબા સ્વરૂપે સ્થાપિત માતાજીને વાજતે ગાજતે ભવ્ય શોભાયાત્રા સાથે વિદાય અપાઈ હતી.**

## ગોધરા સબ જેલમાં જેલર ઝડતી સ્કવોર્ડની તપાસ દરમિયાન જનરેટરમાં સંતાડેલ મોબાઈલ મળ્યો

ગોધરા,

ગોધરા સબ જેલમાં અમદાવાદ જેલર ગૃપ-૨ ઝડતી સ્કવોર્ડ દ્વારા ઝડતી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન ઈલેક્ટ્રીસીટી જનરેટરની અંદર છુપાવી રાખેલ મોબાઇલ જપ્ત કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા સબ જેલમાં અમદાવાદ જેલર ગૃપ-૨ ઝડતી સ્કવોર્ડ દ્વારા સર્ચ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઝડતી દરમિયાન ઘંટીની બાજુમાં આવેલ જનરેટરની અંદર છુપાવી રાખેલ સેમસંગ કંપનીનો મોબાઈલ મળી આવ્યો હતો. મોબાઈલ સીમકાર્ડ અને બેટરી વગરનો હોવાથી આઈ.એમ.આઈ. નંબર જાણી શકયો ન હતો. જેલમાં કોઈ કેદીએ કોઈના મારફતે મોબાઈલ ગેરકાયદેસર ઉપયોગ કરવા ફોન જેલમાં રાખી ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## જાહેર નિવિદા નં.૧૭-સને ૨૦૨૨-૨૩

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ, ગોધરા સીવીલ લાઈન રોડ, પીન કોડ નં.૩૮૯૦૦૧, જી.પંચમહાલ, ફોન નં.૦૨૬૭૨-૨૫૩૩૮૪ તરફથી ગુજરાત રાજયનાં અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી એમ્પનલમેન્ટ એન્ડ એપોઈમેન્ટ ઓફ કન્સલટન્ટ ફોર પ્રેપરેશન ઓફ ડીટેઈલ એસ્ટીમેટ ઓફ રોડ એન્ડ કોસ ડ્રેઈનેજ વકર્સ એન્ડ બ્રિજ ફોર ધ રૂરલ રોડસ અન્ડર આર એન્ડ બી (પંચાયત) ડીવીઝન, ગોધરાના કામે ટેન્ડર માંગવામાં આવે છે. કોરી ટેન્ડર કોપી ઈસ્યુ કરવાની તા.૧૪/૧૦/૨૦૨૨ અને ભરેલા ટેન્ડર આરપીએડી/સ્પીડપોસ્ટ થી પરત લેવાની છેલ્લી તા.૨૧/૧૦/૨૦૨૨ છે. ટેન્ડર ફી પેટે રૂા.૯૦૦/- બેંક ઓફ બરોડા શાખા સ્ટેશન રોડ, ગોધરામાં "૦૦૫૯ પીડબલ્યુ" સદરે ચલનથી જમા કરાવી ચલન રજુ કર્યો થી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે વધુ માહિતી માટે રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈસમોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

અનુભવનું પ્રમાણપત્ર તથા ચાલુ વર્ષની નેશનલાઈઝ બેંકની સોલવંસી રજુ કરવાની રહેશે.

માહિતી/ગોધરા/૬૧૧/૨૦૨૨

## જાહેર હરાજી

આથી જાહેર જનતાને જણાવવાનું કે લુણાવાડા તાલુકાની ચાવડીબાઈના મુવાડા પ્રા.શાળાના જર્જરિત થયેલ ૩ ઓરડાઓની હરાજી તા.૧૧/૧૦/૨૦૨૨ ને મંગળવારના રોજ સવારના ૯:૩૦ કલાકે ચા.બા.મુ. પ્રા.શાળા ખાતે રાખેલ હોઈ. ભાગ લેવા ઈચ્છુક વ્યક્તિઓએ સમયસર હાજર રહેવું. હરાજીના નિયમો અને શરતો જાણવા માટે કાર્યાલયનો સંપર્ક કરવો. હરાજીનો આખરી નિર્ણય SMC ચાવડીબાઈના મુવાડાનો રહેશે.

SMC ચાવડીબાઈના મુવાડા
તા.લુણાવાડા, જી.મહીસાગર

## પંચમહાલ જીલ્લામાં આમ આદમી પાર્ટીએ વિધાનસભા બેઠક માટે કાલોલ અને શહેરાના ઉમેદવારની જાહેરાત કરી

ગોધરા,

પંચમહાલ વિધાનસભાની બેઠક માટે આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવાર માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં આજરોજ કાલોલ બેઠક અને શહેરા બેઠક માટે ઉમેદવારની જાહેરાત કરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લામાં આમ આદમી પાર્ટી દ્વારા છેલ્લા લાંબા સમય થી આપ પાર્ટીના સંગઠનને મજબુત કરવામાં આવ્યું છે અને અમુક તાલુકાઓમાં આપ પાર્ટીને સારો એવો આવકાર મળી રહ્યો છે. ત્યારે આપ પાર્ટીને પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકોમાં ઉમેદવાર માટે ઉમેદવારોની માહિતી એકઠી કરવામાં આવી હતી. રાજ્યમાં હાલ આમ આદમી પાર્ટી ત્રીજા મોરચા તરીકે ઉભરી રહી છે. ટુંક સમયમાં વિધાનસભાની ચુંટણીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પંચમહાલ જીલ્લાની કાલોલ વિધાનસભા બેઠક માટે દિનેશભાઈ બારીયાની જાહેરાત કરવામાં આવી. જ્યારે શહેરા બેઠક માટે તખતસિંહ સોલંકીના નામની જાહેરાત કરવામાં આવી છે. જીલ્લાની કાલોલ અને શહેરાની બેઠકની જાહેરાત કરવાની સાથે સંગઠનમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. આપ પાર્ટી દ્વારા જીલ્લાની શહેરા અને કાલોલ બેઠક માટે ઉમેદવારની જાહેરાત થતા ઉમેદવારો દ્વારા પાર્ટીનો આભાર માનવામાં આવ્યો.